Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૯ • તા. ૨૩ ફેબ્રુઆરી થી ૧ માર્ચ ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## શ્રી સ્વસ્તિક ગ્રુપ-ડોંબીવલીના ઉપક્રમે તા. ૩-૨-૧૩ના રક્તદાન શિબિર



શિબિરમાં ગ્રુપના કાર્યકરો, શુભેચ્છકો અને દાતા પરિવાર



કેમ્પના દાતા પરિવારના સભ્યો દ્વારા મંગલાચરણ



દાતા પરિવાર સાથે ગ્રુપના કાર્યકરો



ગ્રુપ દ્વારા દાતા મા. તારાબાઈ માણેકજી મોતા પરિવારનું બહુમાન અને સંભારણું



ગ્રુપ દ્વારા દાતા મા. ચંપાબાઈ હંસરાજ ડાઘા પરિવારનું બહુમાન અને સંભારણું



શ્રી હીરાલાલ ડાઘાનું બહુમાન કરતા શ્રી અરવિંદ લોડાયા



દાતાઓનું સન્માન કરતા શ્રી નરેન્દ્ર શિયાડ



શ્રી કલ્પેશ મોતાને પુષ્પગુચ્છ આપતા શ્રી વિનય ધરમશી



શ્રી દિપક લોડાયાને પુષ્પગુચ્છ આપતા શ્રી હીરાલાલ ડાઘા



મુંબઈ મહાજનશ્રીની ટીમને પુષ્પગુચ્છ



ડાયાબીટીઝ અને બ્લડ ગ્રુપીંગ ચેકઅપ



'રક્તદાન-મહાદાન'માં ભાગ લેતા રક્તદાતાઓ

# નલીયા તીર્થે ઉજવાઈ ગયો પ્રસંગ
# ઉપાશ્રય ઉદ્‌ઘાટનનો રહી ગયો રંગ.



શ્રી નૂતન ઉપાશ્રય

અખંડ ૪૪-૪૪ વર્ષીતપારાધક, તપસ્વીરત્ન, પ. પૂ. આચાર્ય ભગવંત

**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** ની પ્રેરણા-આશિષથી

**નલિયા તીર્થ મધ્યે નૂતન ઉપાશ્રયનું નિર્માણ**

**સંઘમાતા માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા**

**હ. સમીરભાઈ લક્ષ્મીચંદ નાગડા**

તરફથી કરવામાં આવ્યું. ઉપાશ્રય એટલે આત્મકમાણી કરવાની ઑફિસ, સુખ પામવાનું હેપી હોમ, સંસારનો થાક ઉતારવાનું રેસ્ટ હાઉસ ને આત્મરોગ મટાડતું ઔષધાલય એવા ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન **યતિવર્ય શ્રી મોતીસાગરજી મહારાજ સાહેબ તથા પ. પૂ. સા. શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.**ની નિશ્રામાં શનિવાર, તા. ૨૬/૦૧/૨૦૧૩ ના સવારના ૯.૩૬ કલાકે ૩૦૦ થી ૩૫૦ જણાની હાજરીમાં ખૂબ જ ઉલ્લાસ ઉમંગથી થયું. તે પ્રસંગે મુંબઈથી કચ્છ આવવા-જવાની વ્યવસ્થા દાતા પરિવાર તરફથી શ્રી અનંત સમર્પણ ગ્રુપે ખુબજ સુંદર રીતે કરેલ. ઉદ્‌ઘાટન સમારોહ પ્રસંગે પુણ્યવંતા દાતા પરિવારની ઉદારતા ઉડીને આંખે વળગે તેવી હતી. આ પ્રસંગે પોતાના અમીભર્યા આર્શીવાદ પાઠવનાર પ.પૂ. ગચ્છાધિપતિશ્રી તથા કાર્યક્રમના નિશ્રાદાતા યતિવર્યશ્રી તથા સાધ્વીજી ભગવંતોનો સંઘમાતા માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા હ. સમીર લક્ષ્મીચંદ નાગડા પરિવાર ખુબ ખુબ ઋણી છે. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નલીયા ના ટ્રસ્ટીઓ, શ્રી નરશીનાથા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, શ્રી ચંદ્રપ્રભુ અતિથી ગૃહના ટ્રસ્ટીઓ તથા પધારેલ સર્વે મહાનુભાવોનો પણ ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે.



છ'રીપાલ સંઘ નાં પડાવમાં પ્રવેશ કરતા



શ્રી અચલગચ્છ જૈન વ્યાખ્યાન હૉલ



સંઘમાતા માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા હ. સમીર લક્ષ્મીચંદ નાગડા દ્વારા નિર્મિત અચલગચ્છ જૈન ઉપાશ્રય



નલીયા ગામમાં પ્રવેશ દરમ્યાન ગામના રહેવાશીઓ દ્વારા બહુમાન



નૂતન ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન કરતા યતિવર્ય શ્રી મોતીસાગરજી મ. સા.

Cont...

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી - 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 9 / 2013**

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## તંત્રી સમીપે :

## જ્ઞાતિના દરેક ટ્રસ્ટ, મહાજન અને સંસ્થા વાર્ષિક અંદાજપત્ર તૈયાર કરે...

મહારાષ્ટ્રમાં મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટની કલમ ૩૧એ અનુસાર દરેક ટ્રસ્ટે હિસાબી વર્ષના પ્રારંભથી એક મહિના અગાઉ આગામી વર્ષનું અંદાજપત્ર તૈયાર કરી તેની એક નકલ ચેરીટી કમીશનરના કાર્યાલયમાં ફાઈલ કરવાનું ફરજિયાત છે. અલબત્ત, આ કાનુની જોગવાઈનું પાલન લગભગ ૯૯% ટ્રસ્ટો કરતા જ નથી તેમજ ચેરીટી કમીશ્નર પણ તે અંગે બિલકુલ કોઈ સખતાઈ કે કાર્યવાહી કરતા નથી તે હકીકત આવી અગત્યની જોગવાઈ કરવા પાછળનો ઉમદા ધ્યેય સમૂળગો વિસરાઈ ગયો છે અને તે પણ ચેરીટી કમીશ્નર જેવા સર્વ ચેરીટીઝનું રખોપું કરતા અધિકારી દ્વારા પણ તેની અવગણના થાય છે તે હકીકતને લીધે ટ્રસ્ટોમાં ગેરવહીવટને ઉત્તેજન મળે છે તેની ગંભીરતા સૌ પીછાણે તે જરૂરી બન્યું છે. આ મહત્ત્વની જોગવાઈ, ન કેવળ ટ્રસ્ટી કે સંચાલકો માટે પણ લાભાર્થીઓ માટે પણ કેટલી બધી લાભદાયી છે તે વિષે વિશેષ ટીપ્પણી કરવાની જરૂર નથી.

આને કારણે ટ્રસ્ટીઓ કે અધિકારીઓ પોતાની સંસ્થાની આગામી વર્ષ માટે રાબેતામુજબની અને નવી વૈવિધ્ય ધરાવતી પ્રવૃત્તિઓ અંગે જરૂરી ફંડ ઊભા કરવાની શક્યતા ઈત્યાદિ બાબતે ઉંડાણપુર્વક વિચારણા કરી વેળાસરના પગલા લઈ શકે છે, જેને લીધે એવી પણ શક્યતા બને છે કે સમસ્ત જ્ઞાતિ સ્તરે આવા વિશિષ્ટ આયોજન બાબતે વિચાવિમર્શની આગોતરી પ્રક્રિયા ગતિશીલતા મેળવે અને એને લીધે કાં તો બે-ત્રણ સંસ્થાઓ કે મહાજન અમુક આયોજન સંયુક્ત રીતે કરી શકે અથવા તો તેને પોતાના સ્થાનિકે સ્વતંત્ર રીતે યોજી શકે. ઉ.દા. તાજેતરમાં વડોદરા મહાજને સમસ્ત મહાજને ૮ થી ૧૬ વર્ષના બાળકો માટે સામાજિક-ધાર્મિક સંસ્કરણ શિબિરનું જે આયોજન કર્યું તે જ્ઞાતિના અન્ય મહાજનો માટે અવશ્યપણે અનુકરણીય બન્યું છે.

દરેકે દરેક ટ્રસ્ટ અને લોકકલ્યાણ સમર્પિત સંસ્થાઓને પોતપોતાના ઉદ્દેશો હોય છે જેની પૂર્તિ અર્થે તેમની પાસે કાં તો ઉપલબ્ધ કોર્પસ-ફંડને અકબંધ રાખી તેના વ્યાજમાંથી જે આવક થતી હોય તેમાંથી અથવા સમાજમાંથી પ્રાપ્ત થતા વિવિધ અનુદાનમાંથી પ્રવૃત્તિ આયોજનો કરવા તેમના ટ્રસ્ટીઓ અને સંચાલકો સક્રિય થતા હોય છે. આમ પોતાના ટ્રસ્ટ કે સંસ્થા દ્વારા આગામી વર્ષમાં તેના ઉદ્દેશ્યોને અનુરૂપ લાભાર્થીઓ કે સદસ્યોને હિતકર બને તેવી કઈ પ્રવૃત્તિઓ યોજવી છે ને તેના વ્યાપ-પરિઘ કેટલી માત્રામાં રાખવા છે તેની સંકલ્પના વર્ષારંભ પૂર્વેજ ટ્રસ્ટમંડળ કે સંચાલકો દ્વારા નિર્ધારિત થાય અને તેની જાણકારી સમાજને આગોતરી મળે તો તે રીતે સૌ સંબંધિતો-સંચાલકો, લાભાર્થીઓ અને જનસામાન્ય-સમક્ષ તે ટ્રસ્ટ કે સંસ્થાનું સુરેખ અને પારદર્શી ચિત્ર પહેલાંથી જ રજુ થઈ શકે. વળી, એ તો અંદાજપત્ર હોવાથી સ્વાભાવિકપણે એમાં કોઈ ફેરફારોને અવકાશ ન હોય તેવો ફરજિયાતપણાનો પ્રશ્ન ઊભો થતો જ નથી તેથી અગર લાભાર્થીઓ કે શુભેચ્છકો કે દાતાઓ તરફથી એ અંદાજપત્રના કોઈ સંભવિત આવક-જાવકના પાસા સંદર્ભે ટ્રસ્ટમંડળને

કોઈ સવાલ-સલાહ-સૂચન કરવામાં આવે તો સંચાલકો પોતાની પ્રસ્તાવિત યોજના પ્રવૃત્તિની રૂપરેખા તથા તેના સાધન-સ્ત્રોતોની મર્યાદા ઈત્યાદિ બાબતે રજુઆત કરવાની સાથે આવેલ સૂચન ઈત્યાદિ પર વિચારણા કરીને વર્ષ શરૂ થયા પછી પણ તે યોજના-પ્રવૃત્તિમાં આમૂલ ફેરફાર કે અન્ય રીતે આયોજન-દિશામાં બદલાવ લાવી શકતા હોવાથી એક તંદુરસ્ત પ્રણાલિકા પણ ઊભરી શકે છે અને સંચાલકો કે ટ્રસ્ટીગણ પોતાના એકદંડિયા મહેલમાં બેસીને વહીવટ કરી રહ્યા છે તેવી છાપ પણ નાબુદ થઈ શકે છે.

વળી, મહારાષ્ટ્રમાં આપણી જ્ઞાતિના શ્રી અનંતનાથજી ટ્રસ્ટ, શ્રી વસતીપત્રક સમિતિ, મુંબઈ મહાજનશ્રી, શ્રી શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ, શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ, લક્ષ્મીબાઈ વીરજી કન્યા છાત્રાલય, શ્રી ખેતશી ચત્રભોજ ખીંયશી અજાણી વિદ્યાલય, શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ, શ્રી સમસ્ત મહાજનશ્રી, શ્રી અનંત શાંતિ ફાઉન્ડેશન, શ્રી જિનેન્દ્ર સાગરજી વિદ્યાર્થીગૃહ (ધુલિયા) જેવા મુખ્ય ટ્રસ્ટો ઉપરાંત જે જે સંસ્થાઓ સોસાયટી રજીસ્ટ્રેશન હેઠળ સોસાયટી તરીકે નોંધાયેલ થયેલ છે તેને પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ પણ નોંધણી કરાવવાનું ફરજિયાત છે. આ ઉપરાંત કે.ડી.ઓ. ક્લાસિક, પરબ, સર્વોદય મંડળ (મુલુંડ), શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબીવલી વગેરે જેવી સંસ્થાઓએ પણ આ પ્રકારે અંદાજપત્ર તૈયાર કરી ફાઈલ કરવાનું ફરજિયાત છે.

આમ, ઉપર ઉલ્લેખેલ ટ્રસ્ટ, મહાજન અને સંસ્થાઓમાંથી લગભગ ૯૫% થી વિશેષના સંચાલકો-ટ્રસ્ટ મંડળોએ છેલ્લાં અનેક વર્ષોથી પોતાના અંદાજપત્ર તૈયાર કર્યા નથી કે ક્યારે પણ તૈયાર કર્યા નથી તે કાનુની ઉલ્લંઘનકારી ત્રુટિ-ક્ષતિ, હવે મહારાષ્ટ્ર પૂરતી જ્ઞાતિએ ચલાવી લેવી ન જોઈએ તેવું સીમિત દૃષ્ટિકોણ લેવાને બદલે, જ્ઞાતિના અન્ય રાજ્યોમાં નોંધાયેલ ટ્રસ્ટો (શ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટ, બાલાશ્રમ ટ્રસ્ટ, શ્રી જામનગર વિદ્યાર્થીગૃહ અને કન્યા છાત્રાલય, શ્રી ક.દ.ઓ. વિદ્યાલય-ગદગ, શ્રી અનંત આરોગ્ય નિધિ-દેવલાલી, ઈત્યાદિ), તથા એકમો અને મહાજનો પણ પોતપોતાની સંસ્થાના અંદાજપત્રો આ વર્ષથી તૈયાર કરવાની કાર્યવાહી કરે અને જ્યાં જ્યાં કાયદેસર જરૂરી છે ત્યાં ત્યાં ચેરીટી કમીશ્નરના દફતરમાં ફાઈલ કરે અને તે સાથે જ્ઞાતિના પ્રત્યેક ટ્રસ્ટ, સ્થાનિક કે ગામના મહાજન, એકમ અને સંસ્થાઓ પોતાના અંદાજપત્રની રૂપરેખા તૈયાર કરી સમસ્ત મહાજનશ્રીને પણ તેની નકલ મોકલે અને આની પ્રથમ પહેલ શ્રી સમસ્ત મહાજનશ્રી જ આ માર્ચ અંત સુધીમાં કરી દાખવે એવી અપેક્ષા રાખીએ જેથી કોઈપણ જ્ઞાતિજન ન કેવળ સમસ્ત મહાજનશ્રીના પરંતુ અન્ય કોઈપણ મહાજન, ટ્રસ્ટ કે સંસ્થાના આવા વાર્ષિક અંદાજપત્રની નકલ માટે માગણી કરે તો તેને તે ઉપલબ્ધ કરી અપાય તેવી ઉમદા પારદર્શી પ્રણાલિકા દર વર્ષે જળવાઈ રહેશે અને તે રીતે દરેક જ્ઞાતિજન જ્ઞાતિના વિશાળ હિતમાં સર્વગ્રાહી વિચારધારા અપનાવી જ્ઞાતિ પ્રવૃત્તિઓમાં પરોક્ષપણે યથાર્થલક્ષી અભિગમ દ્વારા સહભાગી બની શકશે.

**- રા.**

॥ જય જય શ્રી શાંતિનાથ ॥

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન- સાંધવ

### સામાન્ય સભા

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, સાંધવની એક સામાન્ય સભા રવિ. **તા. ૨૪.૩.૧૩**ના બપોરના ૨ થી ૫ દરમ્યાન શેઠશ્રી નરશી નાથા બેન્કવેટ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, અનંત સિધ્ધિ, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વેસ્ટ) ખાતે રાખવામાં આવેલ છે. એમાં નીચે દર્શાવેલ કાર્યસૂચી (એજન્ડા) પર ચર્ચા-વિચારણા અને નિર્ણયો લેવામાં આવશે.

**-: કાર્યસૂચી (એજન્ડા) :-**

૧. ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી આપવા બાબત. ૨. નૂતન અતિથિગૃહના રૂમો, તેમજ હોલના નકરા નક્કી કરવા બાબત. ૩. આગામી પર્વ પર્યુષણની રાબેતા મુજબ આરાધના અને ઉજવણી બાબત. ૪. પ્રમુખશ્રીની મંજુરીથી કે તેમના દ્વારા જે કાંઈ રજુઆત થાય તે બાબત.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ વતી**
**શ્રી શામજી નરશી દંડ**

**નોંધ :** કોરમના અભાવે મુલત્વી રહેલી સભા અડધા કલાક બાદ ત્યાં જ મળશે જેને કોરમની આવશ્યકતા નહીં રહે. સૌ સાંધવવાસીઓને સભામાં સમયસર પધારવા વિનંતી.

**સભાબાદ ચા-પાણી અલ્પાહારનો લાભ આપશોજી.**

## સમય સમાપ્તિ કી ઘોષણા -પ્રવીણ ભારમલ લોડાયા (વડોદરા)

કૌન બનેગા કરોડપતિમાં રાત્રે દશ વાગે જ્યારે એક-બે મિનિટ બાકી હોય છે ત્યારે એક ભૂંગળું વગાડવામાં આવે છે. ભૂંગળાના અવાજ સાંભળીને અમિતાભ બચ્ચન ચોંકી ઊઠે છે અને બોલે છે 'ઓહ સમય સમાપ્તિ કી ઘોષણા'.

સમય સમાપ્તિની ઘોષણા આ એક અત્યંત સુંદર વાક્યપ્રયોગ છે. સમય તો આમેય સરકતો જ હોય છે પણ કોના માટે કયો સમય ક્યારે સમાપ્ત થાય છે એની આગોતરી જાણ હોવી બહુ જરૂરી છે.

જીવનમાં કેટલીયવાર આપણે અમુક ચોક્કસ કામ કરવા માટે તનતોડ મહેનત કરીએ છીએ પણ એ કામ પૂરું થતું નથી અને પછી એકાએક વગર પરિશ્રમે પણ એ કામ અચાનક બંધબેસતું થઈ જાય છે. આવું બને ત્યારે આપણે એમ કહીએ છીએ કે ત્યારે એતો સમય નહોતો અને હવે એનો સમય આવ્યો એટલે આ કામ આપોઆપ થઈ ગયું.

ઘણીવાર કોઈ માણસનું આકસ્મિક સંજોગોમાં અચાનક મૃત્યુ થાય ત્યારે આપણે કહીએ છીએ કે એનો સમય પૂરો થયો એટલે એણે વિદાય લીધી. આમ સમયનું એક ચોક્કસ બળ આપણે પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ રીતે પણ સ્વીકારતા હોઈએ છીએ.

સમય એટલે શું એ વિશે ખાસ્સો વિવાદ કરી શકાય એમ છે. સમય વહી ગયો એમ જ્યારે આપણે કહીએ છીએ ત્યારે જાણે સમય એક વહેતી નદીનો પ્રવાહ હોય એવો ભાસ થાય છે. સમયમાં કોઈ કલાક નથી, કોઈ દિવસ કે રાત નથી. કોઈ અઠવાડિયું કે મહિનો નથી કે કોઈ વરસ પણ નથી. આપણી સુગમતા ખાતર આ બધા વિભાગ આપણે પેદા કર્યા છે.

માસણનું આયુષ્ય મર્યાદિત છે, એની કામ કરવાની શક્તિ પણ મર્યાદિત છે, આ સંજોગોમાં સમયને ઓળખી લેવો અને સમય સામે શિંગડા ભરાવવાને બદલે સમયને અનુકૂળ થઈ જવું એમાં શાણપણ છે. સમય સમાપ્તિની ઘોષણા સમયસર સમજી જવામાં અત્યંત શાણપણ છે.

ધીરુભાઈ અંબાણીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે મુંબઈના માર્ગો ઉપર ચલણી નોટોના બંડલો પડેલા છે, માત્ર એને ઊંચકતા આવડવા જોઈએ. સફળ ઉદ્યોગપતિની આ વાણી છે. ધીરુભાઈથી અત્યંત વધુ પરિશ્રમ કરનારા અને વધુ બુધ્ધિશાળી પણ આજીવન મથે છે તોય રાજમાર્ગો ઉપરથી એમને નોટોનું એક બંડલ સુધ્ધા મળતું નથી.

જીવન એ જ સમય અને સમયનું નામ જિંદગી... અવિરત વહેતા સમય પ્રવાહમાં બધું જ નષ્ટ થઈ જાય છે. સ્મૃતિપટ ઉપર નામ કોતરી જનારા અમરત્વ પામી ગયાનો અહેસાસ કરે છે. માનવી અવકાશીગ્રહમાં જઈ શકે છે, પણ સુખ નામના પ્રદેશમાં જઈ શકતો નથી, કેમકે 'સમય' નવી નવી વ્યથા, કથા, પીડા, મુંઝવણો આપતો જ રહે છે. સમય બધા સજીવો માટે ઈશ્વરે એક સરખો રાખ્યો છે તેમાં કોઈ ભેદભાવ નથી છતાં સમયનાં ઉપયોગથી દરેકનાં ઉપલબ્ધિમાં વ્યાપક ફેરફાર મળે છે.

બાળક જ્યાં સુધી ભણવાની પ્રક્રિયામાં યુવા થઈ ભણતર પૂરું કરે છે ત્યાં સુધી તેના મનમાં માત્ર ભણવાની ચિંતા રહ્યા કરે છે... કેવું પરિણામ મળશે? તેની ચિંતા હંમેશા તેના મગજમાં રહેતી હોય છે.

પરંતુ આ પ્રક્રિયા બીજા સ્વરૂપમાં બીજા લોકોને પરેશાન કરતી રહે છે, જેમ કે ગૃહસ્થ થયા પછી ઘરનું સંચાલન, મળતી આવકમાં થઈ રહેશે કે નહીં? પેન્શનસ લોકોના મનમાં મોંઘવારી વધશે તો અમારું શું થશે તે સમસ્યા નડે છે. એક દિવસ કે એક રાત્રીના કેટલા કેટલા રૂપ-સ્વરૂપ છે? આ બધી સમયની જ બબાલ છે. બીમારી આવે ત્યારે અગાઉ જીવેલા દિવસો સુખદાયી હતાં તેની અનુભૂતિ માણસને થતી જ હોય છે. માણસ પાસે કશું જ હોતું નથી. બધી કમાલ સમયની મર્યાદામાં હોય છે.

એક સરખા દિવસો કોઈના કદી જાતા નથી અથવા આ દિવસ પણ વીતી જ જવાનો છે તે કડવું સત્ય છે! હૃદય અને દિમાગ સાથે સમયનું અનુસંધાન સંલગ્ન રહેતું હોય છે.

વનવાસ દરમિયાન ભગવાન રામ તથા લક્ષ્મણ ઝૂંપડીમાં એકલા પડયા જ્યારથી સીતાજીનું રાવણે અપહરણ કર્યું અને એ સમયમાં વર્ષાઋતુ આવી, આભમાં વીજળીના ચમકારા, કડાકા-ભડાકા થવા લાગ્યા ત્યારે ભગવાન રામ એક આમ આદમીની જેમ ગભરાઈ ગયા, વિહવળ થઈ ગયા. દિલ સીતાજીની યાદમાં તડપી ઊઠ્યું એવું વર્ણન રામચરિતમાનસમાં તુલસીદાસે કર્યું છે ! માણસ નબળો કે સબળો કદી હોતો નથી. સમયે કોતરેલી અનુકૂળતા કે પ્રતિકૂળતા જ નિર્માણ કરે છે.

માણસ બધું સર્જન કરી શકતો નથી એ માત્ર કર્મયોગ કરી શકે છે. ક્ષણનો વિલંબ તબાહી સર્જી શકે છે અને પલભરમાં જીવન બચી જાય છે. સમયને ઓળખી નહીં શકે તે નિર્ણય કરવામાં નિષ્ફળ જવાની બધી સંભાવનાઓ છે!

સમય એ ક્ષણ ક્ષણમાં ચેતના દ્વારા પ્રગટેલું ઈશ્વરીય તત્ત્વ છે તેમ છતાં મહત્ત્વ નહીં સમજતા લોકોને સમય જતા રડવાનો પણ હક્ક મળતો નથી. આજકાલ અને

આવતીકાલ આપણે કેલેન્ડરથી જ માપતા કે જાણતા રહીએ તો સમય હાથતાળી આપીને જશે તે કદી ફરીથી મળશે નહીં એટલે આધુનિક યુગના ચિંતકો પણ કહે છે કે, સમય જેવી દવા બીજી કોઈ નથી.

ટાઈમ એન્ડ ટાઈડ વેઈટ ફોર નન- એવી કહેવત પણ સચ્ચાઈ વ્યક્ત કરે છે, તક શોધવી કે તક ઓળખવી એ સમયને પારખવાની જ કુશળતા છે. માનવ રાખના રમકડા સમાન છે. તેમ છતાં આ માનવ સમય મુજબ જીવન જીવે તો અમરત્વ અને ઓળખ અવશ્ય પ્રાપ્ત કરી શકે છે. વિપરીત સમય પીડાકારક અને સાનુકૂળ સમય સુખનો અહેસાસ કરાવે છે.

ટૂચકા જેવો એક પ્રસંગ છે. એક કરોડપતિને પૂછ્યું કે આપની સફળતાનું રહસ્ય શું છે? કરોડપતિએ જવાબ આપ્યો કે જ્યારે પણ તક આવે છે ત્યારે હું એને ઝડપી લઉં છું. પ્રશ્નકર્તાએ પૂછ્યું કે તક આવી છે તેની ખબર આપને શી રીતે પડે છે? પેલા માણસે કહ્યું કે એની તો મનેય ખબર નથી પણ હું સતત ઠેકડા મારતો રહું છું. એમાં પગ ક્યાંક તક ઉપર પડી જાય છે.

સફળ ઉદ્યોગપતિનો આ જવાબ અને ‘કૌન બનેગા કરોડપતિ’ના ભૂંગળાનો અવાજ ‘સમય સમાપ્તિ કી ઘોષણા’ આ બંને એકીસાથે જોવા-જાણવા અને સમજવા જેવા છે.

**તૃતીય પુણ્યતીથીએ શ્રધ્ધાસુમન**

જન્મ
૨૮.૧૦.૧૯૫૮



વસમી વિદાય
૨૮.૨.૨૦૧૦

**સ્વ. અ.સૌ. શકુંતલાબેન રાયચંદ દંડ**
(સાંધવ-મુલુંડ)

જેમણે જીવનભર સંઘર્ષ કરીને અમારા,
પરિવારના બાગને મહેકતો રાખ્યો.
એવા પાવનકારી આત્માને પરમ કૃપાળુ
પરમાત્મા પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...

***આપની યાદમાં...***

| | |
|---|---|
| પતિ | : **રાયચંદ નરશી દંડ** |
| પુત્ર-પુત્રવધુ | : **આરતી હિરેન દંડ, દિશા ચિરાગ દંડ** |
| પૌત્ર-પૌત્રી | : **જૈનીક અને પ્રીશા હિરેન દંડ** |
| પુત્રી | : **અમીતા દિપેશ છેડા** |
| દોહીત્ર-દોહીત્રી | : **નીવ અને કાવ્યા છેડા** |

એવમ્

**માતુશ્રી લક્ષ્મીબેન નરશી દંડ પરિવાર** (સાંધવ)
**માતુશ્રી તારાબેન લાલજી ગાલા પરિવાર** (કોટડી મહાદેવપુરી)

## ઝુકી તો જવાયને...

### સેવાભાવના

હું એક હોસ્પિટલમાં સગાની ખબર કાઢવા ગયેલ. શ્રી સચીન માણેકજી ધરમશી (ગોરખડી) સાથે મારી મુલાકાત થઈ.

તેમના માતાજી હોસ્પિટલમાં ત્રણ મહિના હતા. તેમણે તથા તેમના ધર્મપત્નીએ ખડે પગે સેવા કરી. આ અરસામાં સચીનનું બાઈક પર જતાં એક્સીડંટ થયેલ અને જમણા ખભામાં ઈજા થયેલ જે હાથમાં ખૂબજ દુઃખાવો થયેલ તથા ખભાનું હાડકું ઊતરી ગયેલ. ડૉક્ટરે કહ્યું ઓપરેશન કરવું પડશે. પણ સચીને કીધું પહેલા મારી મા બરાબર થાય પછી મારો ઈલાજ ઓપરેશન કરાવીશ. એના માતાજી હોસ્પિટલમાંથી ઘરે ગયા અને બીજા જ દિવસે સચીનના નાનીમાંને બ્રેનહેમરેજ થયો. અને હોસ્પિટલ લઈ જવા પડ્યા. ત્યાં એમઆરઆઈ, સીટી સ્કેન વગેરેથી લઈને બધી સેવા સચીને કરી. સચીન એક દોહીત્ર નહી પણ દીકરાની જેમ નાનીમાની જે સેવા કરી અને દોઢેક લાખ ખર્ચ જાતે કર્યો. આ દિકરા (સચીન) એ જે ખાધા-પીધાની પરવા કર્યા વગર અને ખડે પગે નાનીમાની નાના બાળકની જેમ સેવા કરી. આવી સેવાભાવના જોઈ નમન કરવાનું મન થાય.

**-પરેશ માણેકજી દંડ** (ડોંબીવલી)

### નવી રસમ

લગ્ન પ્રસંગે રિતી-રિવાજો અને વિધિમાં એકરૂપતા હોય તો સામાન્ય છે. વરના માતા-પિતા ચોરીના ચોથા ફેરે હાજર રહેતાં હોય ત્યારે વરપક્ષના યુવા સંબંધીઓ સજોડે માનવંદના રૂપે સામસામે ઊભા રહી હાથ ઊંચા કરી બન્નેના હાથ મેળવી કમાન ઊભી કરી તેમને ઢોલના તાલે ચોરી તરફ દોરી જતા હોય છે.

હાલમાં કોઠારાવાળા ઘાટકોપરવાસી શ્રી ચંદ્રકાંત કુંવરજી નરશી લોડાયાના સુપુત્ર ચિ. કુમારના શુભ પ્રસંગે સુખદ્ આશ્ચર્ય દૃષ્ટિગોચર થયું. યુવા જાનૈયા મલકાતે મુખડે હાથમાં લેઝીમ લઈ ઢોલ શરણાઈના તાલે આમને સામને પંક્તિમાં અવનવા દાવો ઊમંગભેર કરી ચંદ્રકાંતભાઈ અને હંસાબેનને સૌભાગ્યકાંક્ષિણી વધુને ઓઢાળવાનું ખોંભાનો છાયલ ભરી છાબ સાથે ચોરી ભણી દોરી ગયા. સારો પ્રસંગ દીપી ઊઠ્યો. તાજગીનો અહેસાસ થયો. સોનામાં સુગંધ મળી. ‘જરા હટકે’ થયાનો અનુભવ થયો. આ સંપૂર્ણ પરિકલ્પનાના દૃષ્ટા અને સમુચિત રીતે પાર પાડનારા મલાડના યુવા હિરેન રતીલાલ લોડાયા અને તેમના સાથીઓની સુઝબુઝ અને પુરાતન શૌષ્ઠવ કલા પ્રત્યે આદરમાન માટે ઝુકી તો જવાયને!

**- કાંતિલાલ કેશવજી મોતા** (મુલુંડ)

• ભુતાન • રાજસ્થાન • હિમાચલ • દાર્જીલીંગ-સિક્કીમ • ચારધામ •

• નેપાળ • મોરેશીયસ • કેન્યા • સાઉથ આફ્રીકા • ઈજીપ્ત • ક્રુઝીસ • શ્રીલંકા-માલદીવ્સ • દુબઈ

# કાશ્મીર



**8 N - 9 D EX શ્રીનગર**

શ્રીનગર (૩) સેન્ટુર લેકવ્યુ
સોનામર્ગ (૧) સ્નો લેન્ડ
ગુલમર્ગ (૨) વેલકમ
પહેલગામ (૨) અબશાર/ ગ્રાન્ડ મુમતાઝ

• માર્ચ ૨૩,૩૧ • એપ્રિલ ૮,૧૬,૨૪
• મે ૨,૧૦,૧૮,૨૬ • જૂન ૨

**29,999/-**



ઈચ્છો... તો...
**વુલર લેક, યુસમર્ગ, અને પટ્ટણી ટોપ, માતા વૈષ્ણો દેવી,**
પણ કરી શકાય.

**4 માર્ચ સુધી બુકીંગ કરાવી, મેળવો...** { **Discount 5000/-** કપલ દીઠ
+ 5 વર્ષ સુધીનાં બાળકનું પ્રવાસ **તદન ફ્રી** }

# એવરગ્રીન કેરલા



Ex કોચીન 7N-8D **17,777/-**

૩, ૧૦ માર્ચ • દર શુક્રવાર
કોચીન (૧) સી-લોર્ડ
મુન્નાર (૨) લાસ પામ્સ
ઠેકડી (૨) સિલ્વર ક્રીસ્ટ
કોટાયમ (૧) વિન્ડસર કાસ્ટલ
એલ્લપી (૧) પેનોરમીક રિસોર્ટ

સાથે કન્યાકુમારી અને ત્રિવેન્દ્રમ પણ કરી શકાય. **25,555/-**



# ફારઈસ્ટ

સીંગાપોર • સેન્ટોસા • મા. ફેબર • પટ્ટાયા
બેંગકોક • નુંગનુચ • કુવાલાલમ્પુર • ગેન્ટીંગ

**11 N - 11 D as per Iternary**

**ALL INCLUSIVE Cost: ₹ 39999/- + $ 999/-**

પ્ર. 16,28 એપ્રિલ, 9,20 મે, 1 જૂન

- પરોઢીયે બેડ-ટી થી નિદ્રાધીન થતાં પહેલા મસાલા મીલ્ક સુધીનું બધું જ, નિષ્ણાત રાજસ્થાની રસોઈયાઓ દ્વારા
- પંજાબી, ચાઈનીઝ, સાઉથ ઈન્ડીયન વ્યંજનો સહિત વિવિધતા સભર આપણું પોતાનું સ્વતંત્ર રસોડું
- મીનરલ વૉટર • સોફ્ટ ડ્રીન્કસ્ • ફ્રેસ ફ્રુટ/જ્યુસ • સફરમાં સુકા મેવા • અલ્ફાન્સો કેરીની રસ લ્હાણ
- રમત-ગમત અને મનોરંજન • નાના સ્વતંત્ર લકઝરી વાહનો/બસ દ્વારા આરામદાયક સફરની મોજ
- અનુભવી મીતભાષી મળતાવડા એસ્કોર્ટ અને વિનમ્ર ગણવેશધારી સ્ટાફની સસ્મીત સેવાઓ
- લગેજ હેન્ડલીંગ • પાનવાળા પંડીત • નાઈ (BARBER) • લોન્ડ્રી ની COMPLIMENTARY સેવાઓ

**આ બધું નથી રહેતું માત્ર કાગળ ઉપર બલ્કે છે હકીકત છેલ્લા ૨૬ વર્ષોથી ડોમેસ્ટીક ટુરો માટે**

**➤ કસ્ટમાઈઝ-ટેઈલરમેડ ટુરો અને ➤ હોટલ-વાહન-વિમાન ટીકીટોનો કન્ફર્મ આરક્ષણ પણ ઉપલબ્ધ**

એક માત્ર અને સર્વ પ્રથમ ★★★ જેવી આપણી પોતાની અદ્યતન A.C. હોટલ

# શિખરજી

અત્યારે અને ઉનાળું વેકેશનમાં પણ A/C. રૂમ A/C. વાહન દ્વારા નિયમીત પ્રવાસો ઉપલબ્ધ

SHIKHARJI ★★★ Continental MADHUBAN-ZARKHAND

યાત્રા-પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા

**TAN-MAN® International**

✆ : 93233 60708 • 2590 3514 / 15 / 16

E-mail : tanmantravels@yahoo.co.in
www.tanmantourandtravels.com

બારાત, પ્રતિષ્ઠા જેવા વિશીષ્ઠ આયોજનો અને શિખરજી તથા અન્ય જૈન યાત્રા સ્થળો બારે માસ... સ્પે. કોચ, સ્પે. ટ્રેન દ્વારા પણ ખરાં !!

સંઘ-મંડળ-મહાજન-સંસ્થાઓ-શોસ્યલ ગ્રુપ માટે ખાસ ભાવ અને વિશેષ આયોજન પણ કરાય

• દ.ભારત • કુર્ગ-મડીકેરી • મ.પ્રદેશ • કચ્છ-ગુજરાત •

## સગપણ સેતુ

નીચે પ્રકાશિત થયેલ ઉમેદવારના પરિચય ઉપરથી ક્રમાંક જણાવી અમને આપના સંતાનનો બાયોડેટા મોકલો. એ વિગત આપના પસંદગીના ઉમેદવારના પરિવારને જણાવીશું. પત્રવ્યવહાર માટે જરૂરી પોસ્ટેજ કવર સાથે મોકલવા વિનંતી છે. **સીધે સીધી માહિતી કોઈને અપાતી નથી.** આપ ઈચ્છો તો આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ ૨૦ કોલમ ભરી મોકલો. અને સગપણ સેતુમાં ભાગ લો.

| ક્ર. | માહિતી પત્રક | ૪૭૩ |
|---|---|---|
| ૧ | સ્ત્રી કે પુરૂષ | સ્ત્રી |
| ૨ | નુખ/અટક/ઓળખ | ધુલ્લા |
| ૩ | વતન કચ્છ કે હાલાર | કચ્છ |
| ૪ | જન્મ તારીખ | ૦૧.૦૧.૧૯૯૦ |
| ૫ | વય (વર્ષ) | ૨૨ વર્ષ |
| ૬ | ઉંચાઈ (સે.મી.) | ૫'-૨" |
| ૭ | વજન (કી.ગ્રા.) | ૬૨ |
| ૮ | વર્ણ | ઘઉંવર્ણ |
| ૯ | શિક્ષણ/અભ્યાસ | Post Graduate M.A. |
| ૧૦ | નોકરી/ધંધો | નોકરી |
| ૧૧ | હાલ ગામ | મુંબઈ |
| ૧૨ | ખોડખાંપણ | નથી |
| ૧૩ | માસિક આવક (રૂા.) | - |
| ૧૪ | અવર/વિ/છુટાછેડા | અવર |
| ૧૫ | કુંડલીમાં માનો છો? | હા |
| ૧૬ | મંગળ/શનિ છે? | મંગળ |
| ૧૭ | ફોટો મળશે? | હા |
| ૧૮ | કુંડલી મળશે? | હા |
| ૧૯ | તમારી પાત્ર અંગે પસંદગી/અપેક્ષા | સુશીલ, સંસ્કારી |
| ૨૦ | ઉમેદવારની ખાસ વિશેષ માહિતી | મિલનસાર |

આ વિભાગમાં ભાગ લેવા કાર્યાલય માટે નીચેની વિગત ભરી મોકલવી જરૂરી છે. (નીચેની માહિતી અપ્રકટ રહેશે.)

મોકલનાર વાલીનું નામ : ____________________

ઉમેદવારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન : ____________________

૭મા અધિકૃત વ.પ. ના કુટુંબ ક્રમાંક : ____________________

સહી : ____________________

## કાવ્ય-પ્રકાશ

### પૂ.આ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

(રાગ : એક જન્મ્યો રાજદુલારો...)

એક પ્રગટચો તેજ સિતારો, થયો શાસનમાં ચમકારો (૨)
વીર વિભુનો વેષ ધરીને, બન્યો અવ્વલ અણગારો... એક...
દેઢીયા ગામમાં જન્મ લઈને, કચ્છભૂમી અજવાળી (૨)
ધનબાઈ માતની કુક્ષિ દીપાવી, બન્યા ગચ્છ રખવાળી (૨)
પિતા લાલજીભાઈનો નંદન, કૂળદીપક બનનારો... એક...
બાલ્યવયે શીતળાના રોગે, સહી વેદના ભારી (૨)
યુવાનવયે અણગાર બનીને, થયો જગત ઉપકારી (૨)
જિનશાસનને હૃદયે વસાવી, શુદ્ધ જીવન જીવનારો... એક...
ગૌતમનીતિ ગુરૂવરનો પટ્ટધર, જન-મન માંહી છવાયો (૨)
જ્ઞાનપ્રતિભા સંપન્ન સૂરિવર, જગમાં જે મહેંકાયો (૨)
અચલગચ્છ વિખ્યાત કરીને, થયો શાસન શણગારો... એક...
દાદાગુરૂની સેવા કરતા, જ્ઞાન અમૃતરસ પીધું (૨)
સમતા કેરો સ્વાંગ સજીને, જીવન અપર્ણ કીધું (૨)
દેશ પ્રદેશે વિહાર કરીને, સૌના દિલ હરનારો... એક...
ગુણોદય કલાદિનો બન્યો સહારો, સંઘ સકળ આધારો (૨)
શતાધિક શ્રમણ-શ્રમણીને, દીક્ષા દાન દેનારો (૨)
ગુણસિંધુસૂરિ પરમ ગુરૂ વિણ, છવાઈ ગયો અંધકારો... એક...
ભાદરવા વદિ અમાસ રાત્રી, બની રહી ગોઝારી (૨)
કચ્છકેસરી ગુણસૂરિવરની, વિદાય થઈ તેવારી (૨)
અચલગચ્છ રવિ અસ્ત થયો, સૌ રડે આંસુ ચોધારો... એક...
જન્મ શતાબ્દિ વરસે સૂરિવર, શત શત આશિષ દેજો (૨)
ભવસાગર તરવા ગુણહિતને, ક્ષણ ક્ષણ ઋજુતા દેજો (૨)
અરૂણ **'ધૈર્ય-યશ'** જિન સૂરિ ચરણે, પ્રણમે કોટિવારો... એક...

---

### ત્યાં તો તું આવી ગઈ...!!

તને મેળવવા કંઈ એક વિચાર લાવી,
ઘેરથી નીકળ્યો, મનમાં કંઈ ઉમંગ લાવી,
જાઉં હતું કામે, પણ દિલમાં યાદ તો તારી,
ક્યારે તું મલેને, ક્યારે મનને થાય શાંતિ,
સાથીદારો પણ ઉત્સુક, મળવા તને ફરી,
કોણ જાણે અધવચ્ચે, તું ક્યાં અટકી ગઈ?
સૌને મનમાં ચિંતા તો તારી, હજી કેમ ન આવી?
ત્યાં તો વિચારમાળા તૂટી ને **'રશ્મિન્',**
મોડે મોડેથી પણ 'બસ' તું આવી ગઈ!

**- રશ્મિન ખોના** (મુંબઈ)

## સંસ્થા-પ્રકાશ

### શ્રી ગુજરાતી શિક્ષણ સંસ્થા-નાંદેડ

માતૃભાષામાં શિક્ષણ મળે તે હેતુથી સ્થાપન કરવામાં આવેલી ગુજરાતી શિક્ષણ સંસ્થા છે. પ્રથમ ચોથી સુધીના ક્લાસ ગુજરાતીમાં હતા સમય જતાં ગુજરાતી શિક્ષણ લેતા વિદ્યાર્થી ઓછા થઈ ગયા ત્યારે એ સંસ્થાને મરાઠી માધ્યમમાં ફેરવવામાં આવી. વડીલોએ રોપેલ નાનુ બીજ આજે વિશાળ વટવૃક્ષ બની ગયું ચે. સંસ્થા આ વર્ષે ૭૫માં વર્ષમાં પ્રવેશ કરે છે. બાલકમંદીર થી મેટ્રીક સુધીના ક્લાસમાં લગભગ માત્ર ૪૦૦૦ ચાર હજાર વિદ્યાર્થી અને એકસો ઉપરાંત શિક્ષકગણ સાથે નાંદેડ જ નહીં સંપુર્ણ મરાઠવાડામાં નામાંકીત શિક્ષણ સંસ્થાઓમાં એક છે.

આ શિક્ષણ સંસ્થામાં જ્ઞાતિનું મોટું યોગદાન છે. સ્થાપનાથી લઈ વર્તમાન કારોબારી સુધી આપણી જ્ઞાતિના જેમણે સેવા આપી છે.

સંસ્થાના સંસ્થાપક સભ્યો : (૧) સ્વ. શા. વિશનજી શીવજી લોડાયા (૨) સ્વ. નેણશી ભીમશી લોડાયા, (૩) સ્વ. શા શામજી ધારશી લાપસીયા (૪) સ્વ. શા. ચીમનલાલ આણંદજી નાગડા.

સ્વ. શા લક્ષ્મીચંદ શામજી, સ્વ. શા કુલીનકાંત નાગડા, સ્વ. પ્રેમચંદભાઈ નાગડા, શા. હર્ષદભાઈ લાપસીયા, શા હીરાચંદ લોડાયા, શા ભરતભાઈ નાગડા, શા હેમેન્દ્રભાઈ લોડાયા (મુલુંડ) શા. સુભાષભાઈ લાપસીયા

શા. દિનેશભાઈ નાગડા (છેલ્લા ૩૦ વર્ષથી) સ્વ. તિલકચંદભાઈ છેડા (થોડા સમય પહેલા અવસાન થયું), હાલમાં શ્રેણીક ભરત નાગડા ચુંટાયા છે.

સંસ્થામાં પ્રાથમિક વિભાગના હેડમાસ્તર પદે વર્ષો સુધી સેવા આપી નિવૃત્ત થયા. શા. લખમશી નરસી પોસડીયા (માસ્તર) સંસ્થાના બાલક મંદિર વિભાગમાં સેવા આપનાર સ્વ.સૌ. પ્રેમીલા પ્રેમચંદ ગોસર, સ્વ. બીપીન પ્રેમચંદ મોતા (ક્લાર્ક), કુ. ભાગ્યશ્રી બીપીન મોતા (ક્લાર્ક), શ્રી વિનય પ્રફુલ નાગડા અને સૌ. લીના ભુપેન્દ્ર પોલડીયા સંસ્થા તા. ૧૫.૧.૧૩ થી પોતાનું ડાયમંડ જ્યુબિલી (હીરક મહોત્સવ) ઉજવી રહી છે.


**શુભેચ્છા સહ...**

Laxmichand Dharshi

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404



**શુભેચ્છા સહ....**

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)


### હાર્દિક અભિનંદન



**CA જીગર ભદ્રીકભાઈ પુનશી મૈશેરી**

(માંડવી-ભુજ)

સી.એ.ની પરીક્ષામાં ઉતીર્ણ થઈ ઉચ્ચ ડીગ્રી પ્રાપ્ત કરવા બદલ, અંતરથી અભિનંદન પાઠવીએ છીએ અને આપશ્રી પ્રગતિનાં ઉચ્ચ સોપાન સર કરો એવી અમારી હાર્દિક શુભેચ્છાઓ...

**-: શુભાશિષ :-**

નાનાણાં

**માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર પરિવાર** (કોઠારા)

મામા-મામી

**સૌ. પ્રેમીલાબેન હરીશ મુનવર** (અમદાવાદ)

**સૌ. જયાબેન પ્રબોધ મુનવર** (ભુજ)

**સૌ. રેવંતીબેન ચંદ્રકાંત મુનવર** (કોઠારા)

### નલીનપુર નારી નિગમ

**વિશ્વ નારી દિન ઉજવણી**

સંસ્થાના ઉપક્રમે નલિયાની બધી જ બહેનો માટે (નિયાણીઓ તથા પુત્રવધુ સહ) વિશ્વ નારી દિન નિમિત્તે **શનિ. તા. ૯.૩.૧૩ અનંતસિધ્ધિ હોલ, ભાંડુપ**માં **બપોરના ૨ વાગ્યા**થી કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

સામાજિક, શૈક્ષણિક, વ્યવાસાયિક, કલા ઈત્યાદી ક્ષેત્રે આગવી સિધ્ધિ પ્રાપ્ત કરનાર બહેનોનું સન્માન કરવામાં આવશે. બહેનોએ પોતાનો સંપૂર્ણ બાયોડેટા, પોતાની સિધ્ધિઓ સાથે. તા. **૨૮.૨.૧૩** સુધીમાં સંસ્થા કાર્યાલયે મોકલી આપવા વિનંતી છે.

સંસ્થાની બધી જ સભ્ય બહેનો માટે **"નલિયાની નોખી નારી"** સ્પર્ધા રાખવામાં આવી છે. મનોરંજન કાર્યક્રમ તથા અલ્પાહારની વ્યવસ્થા છે.

**ફ્રી ❁ ફ્રી ❁ ફ્રી ❁ ફ્રી ❁ ફ્રી**

**મહેંદી - ભવિષ્યકથન - ફ્રી ભેટ**

આ કાર્યક્રમ નલીયાની બધી નારીઓ માટે ફ્રી છે. અન્ય બહેનો મહેમાન પાસ માટે સમિતિ સભ્યનો સંપર્ક કરે:

| **હીના લોડાયા** | **પૂર્વી છેડા** | **વીણા નાગડા** |
|---|---|---|
| 9820318345 | 9920328602 | 9967666380 |

## આરોગ્ય પ્રકાશ : પીચોટી એટલે નાભિ ચિકિત્સા-પ્રવીણ ખોના (મુંબઈ)

પીચોટી ખસી જવી તે અંગે આપણે દેશી ભાષામાં સાંભળતા આવ્યા છીએ. પરંતુ આધુનિક ચિકિત્સા પદ્ધતિમાં આ અંગે કંઈ જાણવા મળે તેમ લાગતું નથી. જૂના ડૉક્ટરો કંઈક સારવાર કર્યા બાદ બીમારી ન સુધરે તો પીચોટીની તપાસ કરાવી યોગ્ય કરવાનું સૂચવતા હતા. આ અંગે જોધપુરના ડૉ. ચંચલમલ ચોરડીયાએ હિન્દીમાં લખેલ લેખ જે "જિનવાણી" (જોધપૂર)માં પ્રસિદ્ધ થયેલ છે તેનો અનુવાદ અત્રે પ્રસ્તુત છે.

માનવીના જીવનના વિકાસ સંચાલન અને નિયંત્રણમાં નાભિની અગત્યની ભૂમિકા હોય છે. માતાના પેટમાં થયેલ ગર્ભધાનથી કરીને જીવનના અંત સુધી નાભિકેન્દ્ર સજાગ, સતર્ક અને ક્રિયાશીલ રહે છે. જો કોઈ અનુભવી વ્યક્તિ કોઈ વિધિ દ્વારા નાભિની પ્રાણ ઉર્જાનો હૃદય સાથે ફરીથી સ્થાપીત કરી દે તો મનુષ્યનું મૃત્યુ ટળી શકે છે. પરંતુ નાભિમાં સ્પંદન અટકી જતાં મૃત્યુને ટાળી નથી શકાતું. માતાના ગર્ભમાં રહેલ બાળકનું પહેલાં નાભિકેન્દ્ર વિકસિત થાય છે. નાભિમાં આપણી પૈતૃત ઊર્જાનું સંચય થાય છે, જે બીજથી વૃક્ષની જેમ આપણા સંપૂર્ણ વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે. ગર્ભમાં રહેલા બાળકને નાભિ દ્વારા જ વિકાસ માટેના પોષક તત્ત્વો મળતા રહે છે.

ગર્ભથી બહાર આવ્યા બાદ સર્વપ્રથમ માતાના શરીર સાથે જોડવાવાળી નાળને કાપવાનું અતિ આવશ્યક છે, જેથી નવજાત બાળક શ્વાસ લઈને પોતાની જીવનયાત્રા શરૂ કરી શકે. જીવનનો પ્રથમ શ્વાસ બહુજ મહત્ત્વપૂર્ણ છે. જો અજ્ઞાનતાના કારણે જન્મ થતાં જ માતા સાથે જોડનારી નાડને ત્વરીત કાપવામાં ન આવે, અથવા નાળને કાપતાં સાથે જ બાળક ન રોવે તો બાળક અપંગ હોઈ શકે છે.

**નરથી નારાયણ બનાવવામાં નાભિનું યોગદાનઃ**

નાભિમાં આપણા પ્રાણોનું સંચય થાય છે. તે શરીરનું ડાયનેમો કે બેટરી છે. બ્રહ્માંડમાં જે કંઈ બની રહ્યું છે. તે આપણા શરીરના અણુઅણુને અસર કરે છે. આપણી નસો શરીરમાં બ્રહ્માંડનું નાનકડું રૂપ છે. નાભિ જ બ્રહ્માંડમાંથી ઉર્જાને પોતાની જરૂરીયાતાનુસાર ગ્રહણ કરવા, સંગ્રહ કરવા તથા રૂપાંતર કરવા માટે ક્ષમતા ધરાવે છે. નાભિ શરીરનું કેન્દ્ર છે તથા શરીરમાં કાર્યરત વિભિન્ન પ્રકારની ઉર્જાઓનું કેન્દ્ર છે. નાભિ ઊઠતા-બેસતાં, દોડતા-ચાલતાં, સૂતા અથવા કોઈપણ સ્થિતિમાં શરીરના અંગો-ઉપાંગોને પોતાના સ્થાન પર રાખે છે. આપણી મોટાભાગની શારીરિક તેમજ માનસિક તથા આધ્યાત્મિક ક્રિયાઓના સંચાલનમાં અને પ્રભાવશાળી ભૂમિકા હોય છે. કુંડલીની જાગ્રત કરીને અન્ય ચક્રોને સજાગ કરવું હોય અથવા પ્રાણાયામની સાધના કે પતંજલી યોગ દ્વારા યમથી સમાધિ સુધીના અવસ્થા પ્રાપ્ત કરવા વિ. ની સર્વે ક્રિયાઓ નાભિની સ્વસ્થતા પર આધારિત છે. યોગી પુરૂષ પોતાની નાભિને સંતુલિત રાખીને મનને નિયંત્રણમાં રાખે છે. મનના માધ્યમથી સંકલ્પ શક્તિને ઉપર ઉઠાવીને મસ્તક કેન્દ્રને સ્થિર કરે છે. જો નિર્વિકલ્પ સ્થિતિ હોય તો સમસ્ત સાધનાનું પરમ લક્ષ્ય એ સ્થિતિને પ્રાપ્ત કરવાનું હોય છે.

નાભિને કમળની ઉપમા : જે રીતે કમળ પાણીમાં હોવા છતાંય તેને પોતાનાથી અલગ રાખે છે ઠીક તેવી જ રીતે નાભિ જીવનના મોટા ભાગની શારીરિક, માનસિક અને આત્મિક ગતિવિધિઓનું સંચાલન કરતી હોવા છતાંય બાહ્યરૂપથી પોતાનો કોઈ સંબંધ નથી બતાડતી. આજ કારણે આપણા પૌરાણિક ગ્રંથોમાં નાભિને કમળની ઉપમા આપવામાં આવેલ છે. જેવી રીતે વિષુવૃત્ત પૃથ્વીનું કેન્દ્ર હોવા છતાંય ફોટામાં તે દેખાતું નથી. તેજ પ્રમાણે મન તથા આત્માની જેમજ નાભિ પણ એક્સ-રે તથા સોનોગ્રાફીમાં દેખાતી નથી. આજનું એલોપેથીક વિજ્ઞાન એના અસ્તિત્વનો સ્વિકાર કરતાં ખચકાટ અનુભવે છે!

**લગ્ન સંબંધી**

**શ્રી તિલક પાનાચંદ મૈશેરી**

(માંડવી-ડોંબીવલી)

૬૦ વર્ષના વિધુર માટે ૪૫ થી ૫૫ વર્ષની વચ્ચેના, છુટાછેડા અથવા નિઃસંતાન વિધવા પાત્ર લગ્ન માટે સંપર્ક કરવો.

Mob. : 09820106081

**Vyom Kreations**

**(Mrs. Mandakini Hirachand Maisheri)**

Invites you to Exhibition-cum-sale of...

Sarees of Jute Cotton & Katan Silk Pashmina, Chanderi Cotton, Kota, Dhakai, Tangai, Pure Silk, Banarasi Zari & Designer Sarees with different concept...

Also Punjabi Suits & Readymade Kurtis

**Venue :**

Bhatia Wadi Ground Floor,
Tilak Road, Ghatlopar (East), Mumbai-77
Date : 7-8 & 9 (Thu/Fri/Sat) March, 2013

**Boutique Address :** Shop No. 3, Kailash Plaza, Ground Floor, 90 Feet Rd, Behind ICICI ATM Next to Raymond Showroom, Ghatkopar (E), Mumbai-77 (Sunday by Appointment) **Cell : 08097003359**

## વ્યક્તિ-વિશેષ : શ્રી લખમશી નરશી પોલડીયા -પ્રેમચંદ ખોના (નાંદેડ)

'માસ્તર'ના હુલામણા નામથી નાંદેડ સમસ્ત ગુજરાતી સમાજમાં ઓળખીતા શા. લખમશી નરશી પોલડીયા બાયઠથી પોતાના બનેવીના પત્રથી ૧૯૬૧માં નાંદેડ આવ્યા. કચ્છમાં નલીયા બોર્ડીંગમાં અભ્યાસ કરેલ, નાંદેડમાં ગુજરાતી શિક્ષણ સંસ્થામાં પ્રાયમરી વિભાગમાં જુલાઈ '૬૧થી શિક્ષક તરીકે જોડાયા. સન ૧૯૭૩થી શ્રી ચીમનલાલ નાગડા, શ્રી લક્ષ્મીચંદભાઈ લાપસીયા, શ્રી ડાહ્યાભાઈ પટેલ આદિની ભલામણથી પ્રાથમિક વિભાગના હેડમાસ્તર થયા અને લગભગ ૩૮ વરસ સુધી સેવા આપી. નિવૃત્ત થયા અને માસ્તર તરીકે નાંદેડ ગુજરાતી સમાજને એક નિઃસ્વાર્થ કાર્યકર્તા મળી ગયા. નોકરીમાંથી તો નિવૃત્ત થયા પણ એજ સાથે સમાજકાર્યમાં લાગી ગયા.

સમાજના કોઈને ત્યાં કોઈપણ કાર્ય હોય માસ્તર હાજર હોય. લગ્નની પત્રિકા પહોંચાડવી હોય કે કોઈના અંતિમ સંસ્કાર વિધિ હોય માસ્તર હોય. દેરાસરનો પુજારી રજા લઈ ગામ જાય ત્યારબાદ જવાબદારી લે અને સંભાળે તે માસ્તર, દેરાસરમાં સાફસફાઈ સુધ્ધા પણ કરે, જમણવારમાં પીરસવાનું કામ, જમણનું કહેવાનું કામ, નોતરા આપવાનું, નવરાત્રિમાં નવ દિવસ રાતે ૧૦થી ૨ સુધી મંડપમાં હાજરી, નવરાત્રિમાં શ્રી અંબાજી માતા મંદિરમાં સવારના ૧૦ થી ૨ ડોનેશન-ભેટ ભેગી કરવી, રસીદ આપવી તે કામ માસ્તર જ કરે. અને બેંકમાં પૈસા પણ ભરી આવે.

દેરાસરનું અંબામાતા મંદિર, જલારામ મંદિર, ગુજરાતી સમાજ, ગુજરાતી શિક્ષણ સંસ્થા, નવરાત્ર સમિતિ બધાના હિસાબનું ઓડીટીંગ કરાવવાનું કામ માસ્તર જ કરે.

બધી જ સંસ્થાઓના ચેરીટી કમીશનરના કામ માસ્તર જ પતાવે સંસ્થાના ચેંજ રીપોર્ટ, ચુંટણી બાદ માસ્તર ચેરીટી કમીશ્નરની ઓફીસે જઈ પતાવી આવે.

કોઈ આશા કે અપેક્ષા વગર પોતાના સમયનો ભોગ આપનાર શા. લખમશી માસ્તરનું આજ સુધી કોઈપણ સંસથાએ બહુમાન કરેલ નથી કે આભાર પણ માનેલ નથી છતાં માસ્તર બધાનું કામ કર્યા જ કરે. બધા ઓળખ, જાણે અને માને.

ગુજરાતી શિક્ષણ સંસ્થાની યોજાયેલ ચૂંટણીમાં તેમને હાર ખમવી પડી એ એમની હાર નહીં પણ સમાજ આવા કાર્યકરોની ખરે સમય કદર કરવાનું ચુકી જાય છે તે આપણી સૌની હાર છે. ખરા કાર્યકરો હોદ્દા માટે કદી તડપતા નથી.

માસ્તરના નિઃસ્વાર્થ સેવાને સલામ.


॥ જય વિમલનાથ ॥

# બાંઢીયા ગામ જ્ઞાતિજનો

આપણા ગામમાં નુતન **અતિથીગૃહ...**

**ભૂમિદાતા : માતુશ્રી લક્ષ્મીબેન લક્ષ્મીચંદ જીવરાજ મૈશેરી**

આધુનિક સગવડો સાથે અતિથિગૃહ બંધાવનારા દાતા :

**માતુશ્રી વિજયાબેન રતિલાલ આણંદજી શીવજી લોડાયા**

જેનું ઉદ્‌ઘાટન ત્થા મહાજનશ્રીને સમર્પણનો અનેરો કાર્યક્રમ તા. **૨૦.૪.૨૦૧૩**ને શનિવારના શુભ દિવસે યોજેલ છે. આ શુભ અવસર પર આપ સૌ ગામજ્ઞાતિજનો ત્થા નિયાણી પરિવારોને પધારવા ભાવભર્યું **આમંત્રણ** છે.

**નોંધ :** આપની યોગ્ય વ્યવસ્થા માટે પધારનારે આગળથી જાણ કરવા વિનંતી...

નિમંત્રક : **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-બાંઢીયા (કચ્છ)**

-: સંપર્ક :-

**રાજેન્દ્ર લાલકા - 09427433348**
**નરેન્દ્ર લોડાયા - 09727097721**
**સંજય લોડાયા - 09819765788**

# પરબ
શક્તિ સંજીવની સોસાયટી

રજી. કાર્યાલય : જયંતવિલા, હીંગવાલા લેન, કોર્નર ૬૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦૦૭૭.

**પરબ સહર્ષ રજુ કરે છે...**

**આંતરરાષ્ટ્રીય મહિલાદિન નિમિત્તે જ્ઞાતિ બહેનો માટે ઉપયોગી કાર્યક્રમ**

## THE VISION 2013 - 'કાર્યેષુ મંત્રી'...

**કાર્યક્રમ : તા. ૮.૩.૧૩, શુક્રવાર સવારે ૧૨.૪૫ થી સાંજે ૭.૦૦ સુધી**

**સ્થળ : શ્રી નારાયણ શામજી મહાજનવાડી, માટુંગા, મુંબઈ - ૪૦૦ ૦૧૯.**

**અતિથીવિશેષ : 'ભારત જ્યોતિ' ડૉ. યોગિની વેરશી મૈશેરી**

(M.D. Medicine & Chest, Ph.D. Applied Biology & Jainology)

**કાર્યક્રમ ઝલક : સ્વયં સંરક્ષણ તાલીમ, પેઈન મેનેજમેન્ટ, અવયવ દાન/દેહ દાન**
**લાઈફ ઈઝ બ્યુટીફુલ કલ આજ ઔર કલ...**
**1) Self Defence, 2) Pain management, 3) Organs Donation**
**4) Life is Beautiful, 5) Kal Aaj Aur Kal 6) Kitchen Garden (City Farming)**

આજના દોડધામ અને ટેન્શનમાં જમાનામાં અલર્ટ, સ્વાસ્થ્ય માટેની જાગૃતી, સ્વબચાવ માટેની કાર્યશાળા, દરેક દુઃખાવા માટેની સમજ-ઉપચાર, જીંદગીના આ અમુલ્ય વરસોને સુંદર ઉપયોગી બનાવવા માટે હસતા-રમતા જ્ઞાનવર્ધક રમત-ગમત, જનરેશન ગેમની સમસ્યાઓ...

મમ્મી-પપ્પા સાથે વડીલોની જરાબદારીઓ, ઘરની નાનકડી જગ્યામાં સ્વાસ્થ્ય માટે ઉપયોગી બગીચો અને એવું ઘણું બધું... આ સર્વ જાણવા-માણવા આજેજ રજીસ્ટ્રેશન કરાવો. વહેલોતે પહેલોના ધોરણ **'પરબ'** ના ટ્રસ્ટીઓનો સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવશો.

(કાર્યક્રમ બાદ : સંભારણું (ભેટ) વિતરણ અને ચા પાણી અલ્પાહાર રહેશે.)

### રજીસ્ટ્રેશન / પુછપરછ

**જયશ્રી દંડ**-9892215560 • **દમયંતી લોડાયા**-9821913887 • **ઈંદીરા વિક્રમશી**-9324036055
**મધુરી લાપસીયા** • **કાશ્મિરા લુઠીયા**-982165772 • **મીના શાહ**-9820566306
**તરલા ધુલ્લા**-9820281919 • **પારૂલ મોતા**-9322280529 • **દત્તા ખીમજી**-9820032882
**પુષ્પા ખોના**-9322262521 • **ચંદનબેન મોમાયા**-022-24121420 • **મધુરી લોડાયા**-9324107467
**લીના કાયાણી**-9820926699 • **મીરા મોમાયા**-022-27660263

### કાયમી પ્રોજેક્ટસ :

૧) પરબ સંચાલિત **શ્રી લખલક્ષ્મી લુઠીયા જનસહાયક ફંડ** પ્રેરીત
**અનાજ-મસાલા વિતરણ**-અનંતછાયા મધ્યે તા. ૩-૪ એપ્રિલ ૨૦૧૩ બુધવાર-ગુરૂવારના.

૨) ફોર્ટીસ હોસ્પિટલમાં ફુલબોડી ચેકઅપ રૂા. ૨,૫૨૫/-માં.

૩) જ્યુપીટર હોસ્પિટલમાં ફુલબોડી ચેકઅપ 2D Echo અને સ્ટ્રેસ ટેસ્ટ સાથે રૂા. ૪,૧૦૦/-

**ફોર્ટીસ તથા જ્યુપીટરમાં બોડીચેકના રજીસ્ટ્રેશન માટે સંપર્ક : જયશ્રી દંડ-9892215560**

# શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ

**સ્થાનિક કાર્યાલય :** સેવક ભરૂડિયા, પો. દલતુંગી, જી. જામનગર-૩૬૧૨૮૦.
**મુંબઈ કાર્યાલય :** C/o. ખુશ્બુ ડાયકેમ પ્રા. લિમિટેડ, ગાલા નં. ૯૯, ન્યુ યુનિક ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ, ડૉ. આર. પી. રોડ, જવાહર ટોકિજની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦. ફોન : ૨૫૯૩ ૯૬૯૬
E-mail : sevakbharudiatrust@gmail.com Website : www.sevalnbjarudiatrust.in



## "સાધુનામ્ દર્શનં પુન્યમં"

'ભૂલો ભલે બીજું બધું પણ ગુરૂદેવના ઉપકારને ભૂલશો નહિ.
અગણિત છે સંઘ પર ઉપકાર એમના...' એવા
પૂજ્ય આર્યરક્ષિતાશ્રીજી મ.સા.ને **'સંયમ છત્રીશી'** વંદન હજારા

**સો-સો-સૂરજ ઉગે ને ચંદા ઉગે હજારા**
**ચંદા સૂરજ ઉગે ભલે પણ ગુરૂ બિન ઘોર અંધારા**

અમને સત્‌નો સંગ કરાવ્યો, ધર્મનો રંગ ચડાવ્યો, જીવન જીવવાનો ઢંગ બદલાવ્યો, નિઃસંગ બનવા માર્ગ દેખાડીયો એવા અમારા ભરૂડિયા શ્રી સંઘના એને અમારા સર્વ પરિવારોના અનન્ય ઉપકારી **પૂ.સા.શ્રી.આર્યરક્ષિતાજીમ.સા.** **'संयम खलुजीवनम'** સંયમ જ જીવન છે. કારણ... આજ દિવસ સુધીમાં જે માર્ગ પર અનંતા ચક્રવર્તીઓ અને તીર્થંકર પરમાત્મા સ્વયં ચાલ્યા છે. અસંખ્યાતા સમ્યગ્દષ્ટિ દેવો જને સતત ઝંખી રહ્યા છે. અને અનંતા જીવો આ માર્ગને પામીને અનંત સુખના ભક્તિ બન્યા છે. એવા સંયમ માર્ગમાં જેમણે ૩૫ વર્ષ પૂરા કરી ૩૬માં વર્ષમાં પોષ વદ છઠના દિવસે પ્રવેશ કરવાના છે. તે પૂજ્ય ગુરૂણીજીને...

વંદન સાથે હજારો અભિનંદન...

અનુમોદનથી શુધ્ધ બને અમ અંતર સ્પંદન

ધન્ય ભવાનજીભાઈ પિતા જેના કુલે અવતરીયા, ધન્ય દીવાળીબેન માતા જેણે ઉદરે ધરીયા
ધન્ય નાના આસંબિયા ગામ જ્યાં બન્યા અણગારિયા,
ધન્ય **વસંતગુરૂ** અને **દેવ, ચૈતન્ય, વ્રત,** ને મળે, જેને આપ મળીયા.

## આમંત્રણ

આચાર્ય ભગવંત ગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ. ગુણોદયસાગરસૂરીશ્રી મ.સા.નું ૪૪મું વર્ષીતપ સુખ રૂપે પૂર્ણ થાય. ઉપરાંત પ.પૂ. સાધ્વીજી આર્યરક્ષિતાશ્રીજી મ.સા. દેવરક્ષિતાશ્રીજી મ.સા. ચૈતન્યરક્ષિતાશ્રીજી મ.સા. વૃતરક્ષિતાશ્રીજી મ.સા. તેમના પણ વર્ષીતપ સુખરૂપે પૂર્ણ થાય એવી દાદા શ્રી આદેશ્વરને પ્રાર્થના તેમના વર્ષીતપના પારણા પાલીતાણા મુકામે સવંત ૨૦૬૯ વૈશાખ સુદ ત્રીજ (અખાત્રીજ) ના તા. ૧૨.૫.૨૦૧૩ને રવિવારે છે. સકળ સંઘ ને લાભ લેવા આગ્રહભરી વિનંતી.

એજ લી. **શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ વતી**
**પ્રમુખ શ્રી તથા ટ્રસ્ટીગણ**

# શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ

## સેવક ભરૂડિયા સરપંચની ચૂંટણીમાં
## બીનહરિફ જવલંત વિજય મેળવવા બદલ... હાર્દિક અભિનંદન



ગ્રામપંચાયત એટલે ગામનો વિકાસ, સુખ સગવડો માટે કાર્યરત સંસ્થા હાલાર-લાલપૂર તાલુકાનું રળિયામણું, પ્રગતિશીલ અને એકતાનું પ્રતિક એટલે... ધીંગીધરા **સેવક ભરૂડિયા ગામ.**

સેવક ભરૂડિયા ગ્રામપંચાયત સરપંચની ચૂંટણીમાં બીનહરિફ વિજય હાંસલ કરનાર સેવક ભરૂડિયાના લોકલાડીલા યુવાન કાર્યકર...

**શ્રી કલ્પેશ અરવિંદ રૂપશી દંડ**

ને લાખ લાખ વધાઈ, તેઓશ્રી આ ક્ષેત્રે ગામની પ્રગતી કરે એજ શુભકામનાઓ સહ હાર્દિક અભિનંદન. એમની સરપંચપદે વરણી એ આપણા સૌનું ગૌરવ છે.

૧) સહર્ષ સાથે જણાવવાનું કે આપણાં દેરાસરના સંકુલમાં પાછળના ભાગમાં ભોજનાલયની બાજુમાં ખાલી જગ્યા છે ત્યાં જરૂરીયાતને ધ્યાનમાં રાખી વિવિધલક્ષી હોલ બનાવવાનું વિચારાયું છે. આ બાબત ટ્રસ્ટબોર્ડે જાહેરાત મારફત આવેલ દાતાને આવકાર્ય ગણ્યા છે. ઈચ્છુક દાતાએ **તા. ૫.૩.૨૦૧૩** સુધીમાં કાર્યાલયમાં સંપર્ક કરવો. આ બાંધકામ ઉપર દાતાશ્રીનું નામ કાયમ માટે હોલની દીવાલ ઉપર લખવામાં આવશે. વહેલો તે પહેલો ધોરણે દાતાને લાભ આપવામાં આવશે. જેનું અંદાજીત ખર્ચ રૂા. ૬ લાખ થશે.

સંપર્ક : **સુરેશ વિરચંદ દંડ**-મો. 09821159324

૨) આપણી જ્ઞાતિનું ૮મું વસતીપત્રક તૈયાર થઈ રહ્યું છે. એના ફોર્મ ભરીને આપણાં ઘણા સભ્યોએ ભરીને પાછા મોકલ્યા નથી. તો તુરંત મુંબઈ કાર્યાલયે ભરીને પહોંચાડવા.

સંપર્ક : **રમેશભાઈ મોતા**-મો. 09920855259

૩) આપણાં દેરાસરનું આઠમું ધ્વજારોહણ **તા. ૧૦.૩.૨૦૧૩**ના છે. આ પ્રસંગે સંઘ તરફથી તથા દાતા પરિવાર **માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર** તરફથી સકળ સંઘને પધારવા વિનંતી.

એજ લી. **શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ વતી**

પ્રમુખ શ્રી તથા ટ્રસ્ટીગણ

## આરોગ્ય પ્રકાશ : ધ સાયલૅન્ટ કિલર-હાઈ બ્લડ પ્રેશર-ડૉ. વીરચંદ લખમશી નાગડા (મુલુંડ)

હાઈ બ્લડ પ્રેશર કે હાઈપરટેન્શન અને ડાયાબિટીઝને 'સાયલન્ટ કિલર' કહે છે. કારણ કે મોટાભાગના પેશન્ટને હાઈ બી.પી. હોય છતાં એમને કાંઈ તકલીફ નથી હોતી, ફરિયાદ નથી હોતી અને એટલે એમને ખબર હોતી નથી કે એમને હાઈ બી.પી. છે. એમાનાં અમુકને લકવો, સ્ટ્રોક કે હાર્ટએટેક આવે ત્યારે જ ખબર પડે છે કે તેમને હાઈ બી.પી. છે. વ્યક્તિને ખબર ન પડે પણ આ બિમારી શરીરને અંદરથી નુકશાન કરે છે. સાયલન્ટલી મોત તરફ ધકેલે છે. આજના તાણ-ટેન્શન અને અપૌષ્ટિક, અનિયમિત ખાનપાન, બેઠાડુ જીવનને લીધે ઘણાંને નાની વયે આ બિમારી લાગુ પડે છે. એક વખત લાગુ પડ્યા પછી સાંસારીક ઉપાધિઓ, ઉંઘમાં ખલેલ, ખાવાપીવામાં બેધ્યાન રહેવાથી મોટા ભાગનાને બી.પી. નોર્મલ થતું નથી. ગોળીઓ લેવા છતાં ક્યારેક વધી જાય છે. એમ.જી.એમ. હોસ્પિટલના કાર્ડિયોલોજીસ્ટ ડૉ. કલકેકરનું કહેવું છે. ભારતીય લોકોમાં ૨૫% લોકોને હાઈ બી.પી.ની બિમારી છે અને હવે ૮ વર્ષમાં એ ૫૦% થઈ જશે. લાઈફ સ્ટાઈલને લીધે છેલ્લા ૫ વર્ષમાં હાઈ બી.પી.ના કેસોમાં ૪૦% જુવાન અને ૨૦% ટીનએજર્સ છે.

આદર્શ બી.પી. પ્રમાણ ૧૨૦/૮૦ મિ.મિ. છે. પહેલું સિસ્ટોલીક અને બીજું ડાયસ્ટોલીક કહેવાય છે. ગમે તેટલી ઉંમર હોય બી.પી. ૧૪૦/૯૦ની નીચે રહેવું જોઈએ. બી.પી. જેમ વધુ, તેમ લોહી શરીરની અંદર એટલા બધુ દબાણથી ફરે છે. જેમ બી.પી. વધુ તેમ શરીરના અવયવોને નુકશાન વધુ અને એ નુકશાન અમુક ટેસ્ટ કે એ અવયવની તપાસ પછી જ ખબર પડે છે. હાઈ બી.પી. ના દર્દીઓમાંથી ૧/૩ દર્દીને ખબર જ નથી હોતી કે એમને હાઈ બી.પી. છે, લો બી.પી. કે સમપ્રમાણ છે.

હાઈ બી.પી. આનુવંશિક હોઈ શકે. પુરૂષોને સ્ત્રીઓ કરતાં હાઈ બી.પી. ધવાની શક્યતા વધુ હોય છે. ૪૦ વર્ષના પુરૂષમાં હાઈ બી.પી.ની શક્યતા જેટલી હોય એટલી જ્યારે સ્ત્રી ૫૦ વર્ષની થાય ત્યારે હોય છે. હોરમોન્સને લીધે આ બક્ષીસ સ્ત્રીઓને મળી છે. કીડનીની અને શરીરની અમુક બિમારીઓમાં હાઈ બી.પી.ની તકલીફ થાય છે પણ મૂળ તો અયોગ્ય ખોરાક, બેઠાડુ જીવન,.જાડાપણું, બી.ડી. સીગારેટ, તમાકુ, દારૂ જેવા વ્યસન, તાણ-ટેન્શન અને અસંતોષ, ઈર્ષ્યા, ગુસ્સો વગેરે હાઈ બી.પી.ના કારણો છે. જે સુધારવા આપણાં હાથની વાત છે. ડાયાબિટીઝના દર્દીને બી.પી. વધવાની શક્યતા ખૂબ હોય છે. હાલમાં અમુક યુવાનો સ્નાયુ-બોડી ગઠ્ઠાદર બનાવવા સ્ટેરોઈડ લે છે. એનાથી બી.પી. વધે છે. કૉલેસ્ટ્રોલ વધે છે, કેન્સર અને લીવર પ્રોબ્લેમ થઈ શકે છે. વધુ પડતી કસરત પણ નુકશાનકારક છે. લોહીમાંનું હિમોસીસ્ટીન અને ખરાબ કૉલેસ્ટ્રોલનો સંબંધ લોહીની નસો કઠણ (બ્લોક) થવા સાથે છે. જે થકી બી.પી. વધે.

આ પ્રક્રિયાને 'અથિરોસ્કેલેરોસીસ' કહે છે. આ પ્રક્રિયા જેમ ઉંમર વધે તેમ વધતી જાય. આહારપર નિયંત્રણ ન હોય, વ્યાયામ, ચાલવાનો અભાવ હોય, તાણવાળું જીવન હોય, જીવનમાં અસંતોષ હોય, ઈર્ષ્યા, ગુસ્સો જેવા નેગેટીવ ઊર્જા ઉત્પન્ન કરતા પરિબળો હોય એમને લોહીની નસો કઠણ થવાની ક્રિયા વધુ ઝડપથી થાય છે.

જીવનશૈલીમાં સકારાત્મક બદલ કરી આપણે આપણી આવરદા વધારી શકતા. માનવીની ઉંમર ૩ પ્રકારની હોય છે. (૧) તારીખની રીતે (૨) શારીરિક સ્થિતિની રીતે અને (૩) માનસિક ઉંમર. તારીખની રીતે આપણે ૬૦ના હોઈએ પણ શરીરના અવયવોની સ્થિતિ પ્રમાણે ૫૦ના કે ૭૦ના પણ હોઈ શકીએ, એમજ મનથી નબળા હોઈએ, નેગેટીવ વિચારવાળા હોઈએ, ઉત્સાહનો અભાવ હોય તો ૬૦ને બદલે વધુ અથવા એનાથી ઉંધું પણ હોઈ શકે છે.

હાઈ બી.પી.ના કારણે હાર્ટએટેક જેવી હાર્ટની નસોની બિમારી, સ્ટ્રોક, હેમરેજ, હાર્ટફેલ્યોર, કિડની અને આંખની અમુક બિમારીઓ અને શરીરના છેવાડેની લોહીની નસોની બિમારીઓ થઈ શકે. સમયસર યોગ્ય સારવારથી આ બિમારીઓથી બચી શકાય. દવાઓ ઉપરાંત હવે ડૉક્ટરો માનવા લાગ્યા છે કે બીજા ઈલાજો-લાઈફ સ્ટાઈલ ચેન્જીસથી બી.પી. કન્ટ્રોલમાં રહી શકે. ખાવામાં મીઠાનું પ્રમાણ ઘટાડી, ૩૦ મીનીટ એરોબીક કસરત (દોડવું, ઝડપથી ચાલવું, તરવું, સાયકલ ચલાવવી વગેરે) કરી, સીગારેટ, બીડી, દારૂ જેવા વ્યસનથી વજન ઘડાટી, બી.પી. નીચું લાવી શકાય,. ૧૦ કિલો વજન ઘચાડવાથી આશરે ૫ થી ૨૦ મી.મી. સીસ્ટોલિક બી.પી. ઘટાડી શકાય. ઠાંસી ઠાંસીને ખાવા કરતાં ઓછું ખાવાથી ફાયદો થાય. ઓછામાં ઓછું રોજ ૧૫ મિનીટ બ્રિસ્ક વૉકિંગ કરવું. એથી બી.પી., ડાયાબિટીઝ અને જાડી વ્યક્તિઓને ફાયદો થશે.

હાઈ બી.પી.ને કાબુમાં રાખવા સરળ ઉપાયો અજમાવો. (૧) રોજ લસણની આખી ૩ થી ૪ કળી જમણ સાથે લ્યો. એને કાપવાથી, બાફવાથી, તળવાથી

એમાં રહેલ 'ઍલિસીન' નો નાશ, ફાયદો નહીં. (૨) કેફીનવાળા પદાર્થો, ચા, કૉફી, કૉલા, ચોકલેટ અને કેફીન ધરાવતી દવાઓ લેવાનું તદ્દન બંધ કરો. જંક ફુડ, પ્રોસેસ્ડ ફુડ ટાળો (૩) હાસ્યને જીવનમાં અપનાવો. હસાવે એવી ફિલ્મો, સીરીયલો જુઓ. મારામારી, ખુનખરાબાની કે રોના ધોનાવાળી ફિલ્મોને બદલે કિશોરકુમાર, મહેમુદ, ચાર્લી ચેપ્લીન, લોરેન હાર્ડી વગેરેની ફિલ્મો જુઓ. (૪) રોજ ૪ અખરોટ ખાઓ. ખોરાકમાં ઓલિવ ઓઈન ૪ ચમચી લ્યો. (૫) પેટનો ઘેરાવો ઓછો કરો. પુરૂષોમાં ૪૦ ઈંચથી ઓછો અને સ્ત્રીઓમાં ૩૫ ઈંચથી ઓછો હોવો જોઈએ. બી.એમ.આઈ. ૧૮.૫ થી ૨૩ ની વચ્ચે રહેવું જોઈએ. (૬) મૃદુભાષી બનો. મોટેથી બોલવાને બદલે ધીમે ધીમે વાત કરો. ધીમે બોલો, ઓછું બોલો, સારું બોલો. (૭) ખોરાકમાં ફાયબર વધારો. વટાણા, કોબી, મકાઈ, શક્કરીઆ, સોયાબીન, ઘઉંના કોંટા, લાલ ચોખા વગેરે ફાયબરવાળી ચીજો વધુ લ્યો. (૮) રોજ મલાઈ વગરનું દૂધ ૨ ગ્લાસ લ્યો. જેથી પુરતું કેલ્સિયમ મળે. (૯) મીઠુ આખા દિવસમાં વધુમાં વધુ ૧ ચમચી (૫ ગ્રામ) લ્યો. સાવ બંધ ન કરો. અથાણાં, પાપડ,. ફાફડા, ગાંઠીયા ધાણાની દાળ, બિસ્કીટ. ચવાણા બંધ કરો. (૧૦) વિટામીન 'સી' વાળા નારંગી, મોસંબી, કોબી, આમળા, જામફળ, લીલા મરી, ટમેટા, સ્ટ્રોબેરી, કેરી, લીંબુ લ્યો. (૧૧) પોટેશ્યમ ધરાવતાં બટેટા, શક્કરીયા, કેળા, અખરોડ, મલાઈ વગરનું દુધ, નારંગી ટેટી, તરબુચ લ્યો. (૧૨) મનને શાંત રાખવા સવાસન, મેડીટેશન, પાર્થના, સામાયિક કરો. સંગીત સાંભળો, વાંજિત્ર વગાડી શકતા હોય તો વગાડો. સ્ટ્રેસ વધે એવું કાંઈ ન કરો. (૧૩) પ્રવૃત્તિમાં રહો પણ અતિ પ્રવૃત્તિ નુકશાનકારક. રીલેક્સ થતાં પણ શીખો. ક્રોધ, ચિંતા, અસંતોષ ઈર્ષ્યા વગેરેથી દૂર રહો. (૧૪) રોજ કસરત કરો. ફુલો, લીલી હરીયાળી હોય એવા બગીચામાં રોજ અડધો કલાક સવાર કે સાંજ ફરવા જાઓ. (૧૫) હસમુખા મિત્રો, સગાઓને મળો. જોક્સ, હાસ્ય-વ્યંગ કાવ્યો, શાયરીનો શોખ કેળવો. (૧૬) ૭-૮ કલાકની પૂરતી શાંત ઉંઘ લ્યો.

દુધ પીવાથી કેલ્સીયમ, પોટેશ્યમ, મેગ્નેશીયમ અને વિટામીન 'ડી' મળે. મલાઈ વગરનું દૂધ હૃદય અને લોહીની નશો ની બિમારીનું જોખમ ઘટાડે. રોજનાં કેળા ખાવાથી હાઈ બી.પી.માં ૧૦% નો ઘટાડો થાય છે એમ મનીપાલની કસ્તુરબા મેડીકલ કોલેજના રીસર્ચરોની પ્રયોગોથી બતાવ્યું. સ્પીનેચમાં ફોલેટ, પોટેશ્યમ મેગ્નેશીયમ, હાઈ ફાયબર હોવાથી અને કેલેરી ઓછી હોવાથી હાઈ બી.પી. અને હાર્ટના પેશન્ટને ફાયદો થાય છે. જનરલ ઓફ અમેરિકન મેડીકલ એસોસિએશનના અભ્યાસમાં જણાયું કે ૧ ઔંસથી ઓછી ડાર્ક ચોકલેટ ખાવાથી વજન નથી વધતું અને બી.પી. ઓછું રહે છે. (યાદ રહે ડાર્ક ચોકલેટ જ ફાયદો કરે, એમાં કોકો વધુ હોય છે. ( ઈંગ્લેંડના ૧ અભ્યાસમાં જણાયુ કે જે વોલીંટીયર્સે બીટનું જ્યુસ પીધું એમના બી.પી.માં એક કલાકમાં ઘટાડો નોંધાયો. બાર્સીલોના યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ ૩૯૯૫ લોકો પર સ્પેનીસ ડીશ ગઝપાચોના (ટમેટા, કાકડી, લસણ અને ઓલીવ ઓઈલનું સુપ) પ્રયોગ કર્યા અને શોધ્યું કે રોજ ૧ વાટકો આ સુપ પીવાથી હાઈ બી.પી.મા ઘટાડો થાય છે. રોજ આ સુપ પીવાથી બી.પી. લાગુ પડવાનું રીસ્ક ૨૭% ઘટી જાય છે.

અમેરિકન હાર્ટ એસોસિએશનને ૨૦૦૦ કરતાં વધુ વોલિંટીયર્સ પર ૧૫ વર્ષના અભ્યાસમાં જણાયું કે ૬ ઔંસ લોફેટ યોગર્ટ દર ત્રીજા દિવસે ખાનાર ૩૧% ને બીપી ઓછું થયું હતું. બાકીનાનું બી.પી. વધુ હતું. યોગર્ટ આપણા દહીંની બરાબર છે. મલાઈ વગરના દુધને જમાવી રોજ દહીં ખાઓ અને મસ્ત રહો. સંત્રા, ડાંગર યલોકેરેટમાં અલ્ફા કેરોટીન, બિટા કેરોટીન, હેસ્પરીડીન અને પોટેશ્યમ, ક્રોમિયમ જેવા ખનિજો હોવાથી તે હાઈ બી.પી. માં ફાયદો કરે છે. ફ્રાન્સની વિદ્યાપીઠના વૈજ્ઞાનિકોએ પ્રયોગો કરી સિધ્ધ કર્યું છે કે રોજ સંત્રાના ૨ ગ્લાસ રસ પીવાથી હાઈ બી.પી. માં ખૂબ જ ઘટાડો થાય છે. અને હાર્ટએટેકની શક્યતા ૧ મહિનામાં ૨૦% ઘટે છે. વૈજ્ઞાનિકોને જણાયું કે શુધ્ધ, સારી ભાવનાથી કુટુંબના સભ્યો, મિત્ર, સગાવહાલાને મળવાથી ભેટવાથી શરીરમાં 'ઓક્સિટોસિન' નામનું હારમોન લોહીમાં ઝરે છે જે બી.પી. ઘટાડે છે. ટેન્શન ઘટાડે છે અને યાદશક્તિ વધારે છે. ઓળખાણ વગરના કે સામેની વ્યક્તિની ઈચ્છા વિરુદ્ધ ભેટવાથી આ અસર થતી નથી.

'ટીનએજર' માં પણ જંકફુડ, બેઠાડુ જીવનને લીધે જાડાપણું, હાઈ બીપી. હાઈ કોલેસ્ટ્રોલ વગેરે દેખાવા લાગ્યા છે. એમને આ બિમારીઓથી બચાવવા જમવાના, નાસ્તાના ચોક્કસ ટાઈમ રાખો. બાળકના ભૂખના ચિન્હો-સિગ્નલ્સ જાણો અને જબરદસ્તીથી ન ખવડાવો. ભૂખ લાગે ત્યારે ખાવા આપો. ફ્રિજમાં કે ઘરમાં જંકફુડ, પ્રોસેસ ફુડને બદલે ફ્રુટ, શાકભાજી વધુ રાખો. એમની સાથે આપણે પણ સારૂં, પૌષ્ટિક ઘરના જમણ-નાસ્તો કરીએ. સતત નવા, સારા પૌષ્ટિક વ્યંજન બનાવી એમને ખવડાવો. બાળકને બ્રિસ્ક વૉક પર લઈ જાઓ. બહારની રમતગમતમાં ભાગ લેવા પ્રોત્સાહન આપો. યોગ, કસરતની આદત નાનપણથી જ પાડો.

આજે હાઈ બી.પી. જેવી બિમારીઓ વધી છે એનું કારણ અયોગ્ય ખોજાક, બેઠાડુ જીવન તો છેજ પણ

એનાં કરતાં પણ વધુ તો આપણા મનમાં રહેલ ચિંતા, તાણ, અસંતોષ, અશાંતિ તો ક્યારેક કોઈના તરફ ગુસ્સો, નફરત, ઈર્ષ્યા કારણભૂત છે. સામાન્ય લોકો અને મોટાભાગના ડૉક્ટર પણ ઘી-તેલ, કોલેસ્ટ્રોલ, બી.એમ.આઈ. પેટના ઘેરાવા પર વધુ ધ્યાન આપે છે. અને આ મહત્ત્વના પરીબળો જે શરીરને વધુ નુકશાન કરે છે. તે ભૂલી જાય છે.

અસંતોષ, ઈર્ષ્યા, ગુસ્સો, નફરત, ઘૃણા જેવા નેગેટીવ ઊર્જાવાળા પરીબળોથી દૂર રહો. જે વ્યક્તિ આ પરિબળોથી દૂર હશે, સંતોષી અને ખુશિમજાજ હશે પછી ભલેને એ વ્યક્તિ જાડી હોય. બિમારી એનાથી દૂર રહેશે અને અસંતોષ, ઈર્ષ્યા, ગુસ્સો વગેરે શરીરને નુકશાન કરતા પરીબળો ધરાવતી પાતળી વ્યક્તિને પણ હાઈ બી.પી., હૃદયરોગ જેવી બિમારી મોડી, વહેલી લાગુ પડશે. સંતોષી, ખુશમિજાજી બનીએ, જે સ્થિતિમાં હોઈએ સમાધાનથી જીવીએ. મહાવીરસ્વામી પણ કહી ગયા છે કે સ્વીકાર કરો, પ્રતિકાર નહીં. બીજાને નડ્યા વગર નિજાનંદમાં મસ્ત રહો અને હાઈ બી.પી. જેવી બિમારીઓથી દૂર રહો.

જીવનશૈલી બદલો અને સુખ-સ્વાસ્થ્ય પામો.


કલા-કસબ અને કલરનો
અનોખો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૧૩૪/૩૬, બીજે માળે, ખાદી ભંડાર ઉપર,
ખારા કુવા સામે, મુંબઈ-૪૦૦ ૦૦૨,
ફોન : 22413995, 22402786. E-mail : jyotisse@gmail.com



K. Dixit
રીયલ ડાયમંડ જ્વેલરી
કૌશિક રાયચંદ શાહ (પટેલ)
(સાંધાણ – ઘાટકોપર)
98204 57676
લગ્ન પ્રસંગ માટે લાઈટ વેઈટ
રીંગ, પેંડન્ટ, બાલી, બ્રેસલેટ, બેંગલ્સ
તથા નેકલેસનું આકર્ષક કલેક્શન






## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ" ની અમૃતવાણી... (૨૨)

– સોમ ઘરમશી (કચ્છ)

**ખિલી ગિન, મિલી ગિન, હી મોબતજો મેડો**
**ચૌંઈ ડીઅેંજે ખેલમેં, 'તેજ' ચેં ખોભરો કેંડો ?**

**શબ્દાર્થ :** મોબત = પ્રેમ, ખોભરો = રોકાણ.

શૈખ ઈબ્રાહીમ "જોક" ૧૮મી સદીનાં, ગાલિબનાં સમકાલીન, મુગલ સલ્તનતનાં છેલ્લાં બાદશાહ બહાદુરશા ઝફરનાં રાજ્ય શાયર હતા. ઉપરોક્ત કવિ તેજની પંક્તિઓનાં સંદર્ભે તેમની મશહુર શાયરીની એક પંકિત ટાંકવાનું મન થાય.

***"દુનિયાને કિસકા રાહે-ફના મેં દિયા હૈ સાથ***
***તુમ ભી ચલે ચલો, યુંહી જબ તક ચલી ચલે॥"***

અર્થાત દુનિયામાં કોણે કોનો સાથ આપ્યો છે. એકલા આવ્યા ને એકલા જવાનું છે, તમે પણ ચાલતા રહો, જ્યાં સુધી આ જિંદગી ચાલે છે.

હકારાત્મક અભિગમ સાથે કવિ કહે છે કે આ જિંદગી એક મેળો છે. અહીં લોકો આવતા રહે છે અને જાતા રહે છે. હળી-મળી લો હસતા-રમતા જીવો. મહોબ્બતનો પ્રેમનો મેળો લાગે છે. જિંદગી ચાર દિવસની રમત છે. એમાં પછી ખોભરી જવાનું શું?

ચાર દિવસનાં ચાંદરણાં પછી અંધારી રાત છે. આ ચાર દિવસ કેવી રીતે પસાર કરવા તે તારા હાથની વાત છે. જોઈએ તો રડતાં રડતાં વીતાવો કે હસતાં હસતાં આનંદ અને પ્રેમથી વીતાવો.

આ ચાર દિવસની જિંદગીમાં રોકાણ કરવું શક્ય નથી. જે આવ્યો છે તેને જવાનું જ છે. તેનો અંત નક્કી જ છે.

આથી કવિ કહે છે કે થોડુંક હસી લે અને પ્રેમથી બધાને મળતો રહે. જીવનને ધુપસળી બનાવ, જે પોતે બળી બીજાને સુવાસ આનંદ આપે છે. અને અમર થઈ જાય છે.

જીવનમાં બધા સાથે હળી-મળીને આ મહોબ્બતનાં મેળામાં આદર પામી જીવી જવાની કળાનો મર્મ બે પંક્તિઓમાં અદ્‌ભૂત સર્જક કવિ તેજ રચી શકે.

આવી જ માર્મિકતા ધરાવતો, જીવન પથિકને જીવવાની રાહ દેખાડતો સંત કવિ તુલસીદાસનો દોહો પણ સ્મરણ પટ પર ઉભરાઈ આવે.

***॥ તુલસી ઈસ સંસારમેં, ભાત ભાત કે લોગ***
***સબસે હિલમિલ ચાલિયે, જૈસે નદી-નાવ સંજોગ॥***

## -: સુચના :-

- 'પ્રકાશ સમીક્ષા'માં પ્રકાશિત કરવા માટે મોકલાતી માહિતી (સમાચાર, ચર્ચાપત્ર, લેખ, કાવ્ય, જીવનચક્ર નોંધ, ઉપયોગી માહિતી વગેરે ટૂંકમાં મુદ્દાસર પાનાની એક જ બાજુએ સુવાચ્ય અક્ષરે નામ, સરનામા, ફોન, ઈ-મેઈલ સહ લખી મોકલવી. ઝેરોક્ષ કોપી મોકલવી નહીં.
- ઈ-મેઈલથી મોકલેલ માહિતી છતાં લેખિત નકલ મોકલવી જરૂરી છે. E-mail મોકલ્યાનો SMS/ ફોન 9820808077 પર કરવો.
- સ્વીકારાયેલ/ન સ્વીકારાયેલ લેખ કે માહિતી પરત અપાતા નથી.
- છપાયેલ મેટર માત્ર એક માસ સુધી સચવાશે, તે પછી નિકાલ કરાશે.
- લાંબાલચક, અપ્રસ્તુત વર્ણનવાળા, બીનજરૂરી માહિતીવાળા કે આત્મશ્લાઘાવાળા જ્ઞાતિને ન સ્પર્શતા અને બીનઉપયોગી લેખ અસ્વીકારને પાત્ર કે કાપકુપને પાત્ર ઠરશે.
- જ્ઞાતિને સ્પર્શતા સમાચારો/માહિતી જ્ઞાતિની જાણકારી માટે દરેક સંસ્થાએ નિયમિત સમયસર મોકલવી. એ જાણવાનો જ્ઞાતિનો હક્ક છે અને દરેક સંસ્થાની/કાર્યકરની તે મોકલવાની ફરજ છે.
- પ્ર.સ. સાપ્તાહિક માટેની દરેક વિગત દર **મંગળવાર સાંજ** સુધી મળી જાય તેમ મોકલવી એ પછી મળતી માહિતી આગામી અંક માટે ક્રમશઃ લેવાશે.
- લેખ/માહિતી જા.ખ. ચોક્કસ જગ્યા કે જલ્દી લેવા કોઈ આગ્રહ કે સંવાદને સ્થાન રહેશે નહીં.
- સરનામા બદલી વખતે જુનું સરનામાંની વિગત આપવી જરૂરી રહેશે.
- જાહેરખબરોમાં આવતા વિધાન-દાવા બાબત પ્ર.સ. સમિતિ જવાબદાર નથી.
- અંકના સ્ટીકર ચેક કરી ફેરફાર હોય તો લખી જણાવવું.
- કોર્ટથી લીધેલા છુટાછેડાની જ ખબર છપાશે. કોર્ટ ડીક્રીની નકલ ચૂકાદા સાથે મોકલવી. પરસ્પર સંમતિના કરાર કાયદેસર ગણાતા નથી.


**શ્રીમતી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લાપસીયા મેડીકલ સેન્ટરના ઉપક્રમે**

**શ્રી ડોમ્બીવલી વેલ્ફેર ગ્રુપ આયોજીત**

શિવ ગંગાવિહાર બિલ્ડીંગ, કોપર ક્રોસ રોડ, ડોંબીવલી (વેસ્ટ), ફોન : 6956611 / 9820153068

# મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સર

**અંગે જન જાગૃતિ અભિયાન**

સદ્‌ગત **શ્રી વસંત લક્ષ્મીચંદ લાપસીયાની પુણ્યસ્મૃતિમાં**

**"WHO"** દ્વારા સર્વેક્ષણના આધારે દુનિયામાં પ્રત્યેક ૨૫ સેકન્ડે એક મહિલાના બ્રેસ્ટ કેન્સરનું ડીટેક્શન થાય છે. વહેલું ડીટેક્શન થતાં તે સારવારથી પુરેપુરૂં મટી જાય છે. મહિલાઓમાં જાણકારી અને જાગૃતિના અભાવે ભારતમાં બ્રેસ્ટ કેન્સર વકરે છે. તે અંગે આ એક જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવે છે.

**ઓડીયો વીઝ્યુઅલ પ્રેઝન્ટેશન અને પ્રશ્નોત્તરી**

**ડૉ. અનિલ હેરૂર** વિખ્યાત કેન્સર સ્પેશીયાલીસ્ટ સર્જન કેમ્પનું સંચાલન કરશે અને પ્રશ્નોનાં જવાબ આપશે.

**ડૉ. અનુપમા વર્મા** ટાટા હૉસ્પિટલના એક્સ-રે રજીસ્ટ્રાર, જે. જે. હૉસ્પિટલના લેક્ચરર અને પેપ સ્મીયર ટેસ્ટના પ્રણેતા

| **પેપ સ્મીયર ટેસ્ટ** | **કેમ્પમાં** | રજીસ્ટ્રેશન ચાર્જ |
|---|---|---|
| રાહત દરે કરવામાં આવશે | મેમોગ્રાફી ચેક-અપ, બ્લડ ટેસ્ટ અને એક્સ-રે રાહત દરે | **રૂા. ૫૦/-** |

કેમ્પ તા. : **૯ માર્ચ ૨૦૧૩ શનિવાર (વિશ્વ મહિલા દિન)** સમય : **૪.૦૦ થી ૭.૦૦ ક.**

**સ્થળ : રૉટરી હૉલ, રઘુવીર નગર, સુવિધિનાથ જૈન મંદિર પાસે, ડોંબીવલી (ઈસ્ટ)**

રજીસ્ટ્રેશન ફોર્મ માટે સંપર્ક :

**શ્રી કેતન વસંત લાપસીયા:** શ્રી ડોંબીવલી વેલફેર ગ્રુપ મેડીકલ સેન્ટર, શીવ ગંગાવિહાર બિલ્ડીંગ, કોપર ક્રોસ રોડ, ડોંબીવલી (વેસ્ટ) ફોન : 6956611, 9820153068

શિબિર સહયોગ : **શ્રીમતી મધુરીબેન કિરીટ લાપસીયા** (રવા-ચેંબુર)

સૌજન્ય : **U. M. Khona & Co.**

## ઝુકી તો જવાયને...

અમે સૌ પરિવારજનો સ્કૂલમાં ત્રણ-ચાર દિવસની રજા આવતાં કર્નાટકમાં આવેલા ધર્મસ્થળને આજુબાજુ આવેલા સ્થળો જોવા ગયેલા. ધર્મસ્થળ રસ્તામાં આવતા મુરદેશ્વર, કુમઠા વગેરે ફરીને હોરનાળુ હીલ સ્ટેશન જવા અમારી ગાડી આગળ ચાલી, ૩-૪ કલાકની સફર કર્યા બાદ અડધો કલાકનો રસ્તો બાકી હતો. તે ઘાટનો રસ્તો ચઢાણવાળો હતો. ઘાટ ચઢતા જ અમારી ગાડી બંધ પડી ગઈ. ન આગળ થાય કે ન પાછળ થાય અને રસ્તો ભયંકર જંગલનો હતો. કોઈ અવજ-જવર ન હતી. ને ગાઢ અંધારુ હતું. ચોર લૂંટારો પણ ત્યાં ડરે.

રાતના ૧૧ વાગી ગયા હતા. પુરુષોમાં અમે બે જણ જ હતા. બાકીના લેડીઝ સભ્યો હતા. અમે થોડીવાર રાહ જોઈ, કદાચ કાર ઠંડી થશે તો ચાલશે. પણ અમારી ધારણા ખોટી નીકળી. રાતે ૧૧.૩૦ કોઈ વાહનની અવરજવર ન હતી. અમારી ધીરજ ખૂટવા લાગી. બધા નવકાર મંત્રનો જાપ કરવા લાગ્યા. એવામાં એક કાર પસાર થઈ રહી હતી. એના ડ્રાયવરને હેલ્પ કરવા કહ્યું તો એણે કીધું કે હું આગળ પોલિસને ફોન કરું છું. એમ કહી જતો રહ્યો. બધાને એકલા છોડીને આગળ મદદ માગવા પણ જઈ શકાય તેમ ન હતું. એટલામાં બીજી એક કાર આવતી દેખાઈ. મારી ધર્મપત્નીએ મદદ માંગવા હાથ ઊંચો કર્યો. અને એ કાર ઊભી રહી ગઈ. અમે એમની વાત કહી તો એ ભાઈએ પોતાનો મોબાઈલ મદદ માગવા કાઢ્યો. અને એમાં મહાવીરસ્વામીનો ફોટો હતો. એ જોઈ મારા બનેવીએ કહ્યું કે અમે પણ જૈન છીએ. એનો પરિચય આપ્યો ને પછી તો જાણે ચમત્કાર થયો. એ ભાઈએ પોતાની કાર સાઈડ ઊભી રાખી, તાબડતોબ મદદ કરવા લાગ્યા. અમારી કાર ધક્કા મરાવી, પલટાવી. ૨ થી ૩ કિ.મી. નીચે લઈ જઈ એક પોતાના મિત્રના ઘરે ઊભી રાખી. ૧ વાગે પોતે જઈને મારુતીવેન ટેક્સી કરી લાવ્યા. પોતાની કાર સાથે અમારી ટેક્સી લઈ જઈને અમને જ્યાં જવું હતું ત્યાં પહોંચાડ્યા. અમને તો એ માણસ ભગવાનનો ફરિસ્તો જ લાગ્યો. પાછળથી ખબર પડી કે એ આદિવાસીઓનો ખતરનાક ઈલાકો હતો. રાતના ત્યાં ભયંકર પ્રાણીઓ પણ ફરે છે. બીજે દિવસે એ ભાઈ પોતાની પત્ની સાથે અમને મળવા આવ્યા. એક જીપ અને મેકીનીક તેડી લાવ્યા ને અમારી કારને ટોઈંગ કરાવી ગેરેજ મોકલીને તાબડતોબ રીપેર કરવા આદેશ આપ્યો. મારુતી શૉરૂમ મેંગલોરમાં જે ત્યાંથી લગભગ ૧૩૦ કી.મી. દૂર છે. ત્યાં ફોન કરી સામાન મોકલવાનું કહ્યું. એ ભાઈ પોતે હોદ્દેદાર હતાં આથી કામ તાબડતોબ થઈ ગયું. અમને તો આ બધું જોઈને હર્ષના આંસુ આવી ગયા. અમને એ જીપમાં હોરનેદેલીના દર્શન કરાવ્યા. એ પોતે દિગંબર હતા. એટલે ત્યાં ઘણાં દિગંબર જિનાલયના દર્શન કરાવ્યા. અન્નપૂર્ણેશ્વરીના દર્શન કરાવ્યા. અમારા માટે પોતાના સમય ભોગ આપ્યો. અમને આશ્વાસન આપ્યું કે તમને કાંઈ પણ મુશ્કેલી પડે તો મને ફોન કરજો. અમે તો એની મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા કે હવે અમારું શું થશે?

પણ નવકારમંત્રના જાપના પ્રતાપે અને જૈનના લેબલના લીધે. ભગવાને અમને એ ફરિસ્તાને મોકલી અમારી મુશ્કેલી દૂર કરી. એ ફરિસ્તાનું નામ છે. એચ.એસ. વિદ્યાસાગર જૈન (ગામ : કળશા).

ધન્ય નવકાર મંત્ર ધન્ય જૈનધર્મ...

**- દિવ્યાંગ ચીમનલાલ મોમાયા** (હુબલી)


Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જૂના ઘરચોળા લેવામાં આવશે.

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ


### પ્રકાશ સમીક્ષાના જાહેરાત દર

| | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160x225 cm | ૭,૦૦૦ | ૪,૦૦૦ |
| અડધું પાનું | 160x111 cm | ૪,૦૦૦ | ૨,૨૫૦ |
| પા પાનું | 77x111 cm | ૨,૫૦૦ | ૧,૨૫૦ |
| ૧/૮ પાનુ | 77x54 cm | - | ૭૦૦ |
| ૧/૧૬ પાનું | 77x27 cm | - | ૩૫૦ |




## અનંતછાયાના રિડેવલપમેંટનો પ્રશ્ન!

અનંતછાયાના રિડેવલપમેંટનો પ્રશ્ન ગૂંચવાઈ ગયો છે અને અમદાવાદની કોઈ પોળની જેમ એમાં રહસ્ય ગૂંચવાતું જાય છે. પોળમાં પોળ, તેમાં શેરી અને તેમાં વળી ખાંચો એવો તાલ થયો છે. મૂળ જગ્યાએ પહોંચતાં ઘણી આંટીઘૂંટીઓ પાર કરવી પડશે એવું લાગે છે.

ચેરિટી કમિશનરે ટ્રસ્ટબોર્ડની તરફેણમાં ચુકાદો આપ્યો છે જ્યારે વિરોધ કરનારાઓએ ચે.ક.ના ચુકાદાને કોર્ટમાં પડકારવાનો નિર્ણય જાહેર કર્યો છે.

અનંતનાથ જિનાલયના વર્તમાન ટ્રસ્ટબોર્ડને ચૂંટી કાઢવા માટે જ્ઞાતિના જે આગેવાનોએ અપીલો બહાર પાડી હતી તેઓ હવે જાગ્યા છે. વર્તમાન ટ્રસ્ટબોર્ડ જે કંઈ સારા (કે ખરાબ) કામો કરશે તેનો યશ (કે અપયશ) આડકતરી રીતે પેલા અપીલ બહાર પાડનારા આગેવાનોને જ મળશે. જ્ઞાતિના એ આગેવાનોની પ્રતિષ્ઠા વિશે કહેવું પડે કે જ્ઞાતિજનોએ તેમની અપીલ ઉપર આંધળો વિશ્વાસ મૂકીને ચૂંટણી કેન્દ્રોની બહાર (ખુલ્લેઆમ) મળેલી સ્લીપોના નંબરોવાળા મતપત્રકો ઉપર થપ્પા લગાવી દીધા! જ્ઞાતિજનોને એક જ રસ્તો દેખાયો અને પરિણામ સામે છે! એ આગેવાનોને મારી નમ્ર વિનંતી.

(૧) હાલનો જે બજારભાવ ચાલે છે તેટલા પૈસા અનંતછાયાના વેચાણમાંથી મળવા જ જોઈએ. અનંતનાથ ટ્રસ્ટ (જ્ઞાતિને) એક પૈસાનું પણ નુકસાન ન થવું જોઈએ.

(૨) અનંતછાયાની મિલકત જ્ઞાતિનો જ કોઈ બિલ્ડર (કે બિલ્ડરો) ખરીદે એવી કોશિશ થવી જોઈએ જેથી જ્ઞાતિની મિલકત જ્ઞાતિ પાસે જ રહે.

(૩) હું મારી દલીલ ફરી દોહરાવું છું કે ટ્રસ્ટના મકાનોમાંનો કોઈ એક રૂમ પણ આપણે પરજ્ઞાતિવાળાને વેચી શકતા નથી. તો પછી એજ નિયમ કે એ જ શરત આખી મિલકતને કેમ લાગુ ન પડી શકે?

(૪) હવેથી એવું નક્કી કરવામાં આવે કે કોર્ટમાં જે કેસ લડવામાં આવે તેના પૈસા ટ્રસ્ટીઓ પોતાના ખિસ્સામાંથી કાઢીને વકીલોને ચૂકવે.

હવે તો કોર્ટ જ દૂધનું દૂધ અને પાણીનું પાણી અલગ કરી આપશે.

**મુલુંડ, ૧૯.૨.૧૩ — - શામજી પદમશી છેડા**

## કે.ડી.ઓ. ક્લાસીકનો આભાર

શ્રી કે.ડી.ઓ. ક્લાસીક સંસ્થા પોતાના સભ્યો દ્વારા જ ભંડોળ ઉભું કરી વૈદ્યકીય ક્ષેત્રે ખાસ કરીને આંખ, કાન, નાક અને ગળાને લગતી બિમારીઓનું નિઃશુલ્ક ઈલાજ કરાવી આપે છે. મારા પુત્ર જીગર હિરાચંદ લાલકાને આંખમાં અગીયાર નંબર હતા. આંખમાં તકલીફ હોવાથી કે.ડી.ઓ. ક્લાસીક દ્વારા ઓપરેશન કરવામાં આવ્યું. ઓપરેશન વખતે કે.ડી.ઓ. ક્લાસીકના સભ્યો પણ હાજર રહેલ હતા. અમારું દરેક કામ બહુજ સારી રીતે કરી આપ્યું. પરંતુ આંખમાં ઓપરેશન પછી મોટી તકલીફ આવી. અમો સંસ્થાને સંપર્ક કર્યો. તરતજ અમને ડૉક્ટરી એપોઈન્ટમેન્ટ આપવામાં આવી અને અમારી જટીલ સમસ્યાનો ત્વરિત ઈલાજ કરી અને મારા પુત્રની આંખ બચાવી. સંસ્થા દ્વારા જે ડૉક્ટર ઈલાજ કરે છે તે પણ બહુજ હોંશીયાર અને સેવાભાવી વ્યક્તિ છે. અમારો પરિવાર આ સંસ્થાનો હંમેશા ઋણી રહેશે.

**ડોંબીવલી, ૨૧.૨.૧૩ — - ઉષા હિરાચંદ લાલકા**

## કચ્છી અટકોની કમાલ

કમાલ છે ભાઈ કમાલ છે,
તમારી અટકમાં પણ ધમાલ છે.

ગુનો કંઈ કર્યો નથી, તો પણ ***દંડ***
નથી બળદ, કે નથી ગાડા છતાં ***ગડા.***

***છેડા*** ક્યાંય મળતા નથી તમારા છેડા,
સુંદર મજાના કપડા પહેર્યા છતાં ***નાગડા?***

તમે કોઈ દેશના નથી રાજા કે શહેનશાહ
છતાં બધા કહે છે તમને ***શાહ!***

તમે તમારી દરેક ચીજ બરોબર જગા પર રાખો છો
તો પછી તમને કેમ કહેવાય ***ખોના*** નહીં, ખોના નહીં.

આમ તો તમે કંજુસ નથી છતાં મારવાડી,
તમે જબરા વેપારી કહેવાવ ***વોરા.***

ધન દૌલતની તમને કમી નથી છતાં કડકા
લાગો છો તમે કડકા, છતાં કહેવાવ ***દૌલત.***

છો તો તમે સિંહ જેવા પણ લોકો કહે છે તમને ***શિયાળ!***

નથી તમે શીવ કે નથી કોઈ ભગવાન
છતાં છો તમે ***મહેશ્વરી.***

હીંચકાના ઝુલા અને ઘોડીયાના હીંચકા
ખાતા રહો તમે ***લોડાયા...***

તમે નથી ભગવાન કે દેવ છતાં કહેવાવ છો રામ
મોહ માયા છોડી દો અરે ભાઈ ***મોમાયા.***

જોઈને ચાલ ભાઈ, નહીં તો લપસી પડીશ તું ***લાપસીયા***
ધરમ પાછળ છતાં કહેવાય આગળ ***ધરમશી.***

**- માણેકજી કુંવરજી દંડ** (સાંતાક્રુઝ)

સમાચાર સંકલન — સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડની બેઠક તા. ૨૬.૨.૧૩ના સાંજે ૫.૩૦ વાગે મુલુંડમાં એકત્ર મળશે. જેમાં જ્ઞાતિના ચોથા સંમેલન બોલાવવા અંગે આયોજન વિચારણા, જ્ઞાતિજનો જરૂરીયાત-સહાયતા અંગે, વનવિન્ડો સીસ્ટમ યંત્રણા કાર્યન્વિત કરી આગળ વધારવા, જ્ઞાતિના રીતરિવાજ-પ્રથાપરંપરા વિષે અને જ્ઞાતિ સંસ્થાઓની યાદી સંપર્કસૂત્રની ડીરેક્ટરીનું સંકલન કરવા, જ્ઞાતિસ્તરીય સન્માન એવોર્ડ માટે પસંદગી સમિતિ રચવા આદિ વિષયો પર ચર્ચા-વિચારણા કરી નિર્ણય લેવાશે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ

મુંબઈ મહાજનશ્રીની સામાન્ય સભા તા. ૩૦.૧.૧૩નાં સાંજે અનંતનાથ દેરાસરના ઉપાશ્રયે એકત્ર મળેલ. જેમાં ૩૬ સભ્યો હાજર હતા. મહાજનશ્રીના ઐરોલી સ્થિત પ્લોટના ડેવલપમેન્ટ માટે ત્યાં વિવિધલક્ષી સંકુલ ઉભારવાના રૂપિયા દશ કરોડના અંદાજિત બજેટને મંજુરી અપાઈ. ગોરજી સમાજને જ્ઞાતિમાં સમાવિષ્ટ કરી લેવા આવેલ પત્રનું વાંચન થયેલ અને ચર્ચા બાદ તે દરખાસ્ત અમાન્ય રહી.

### વડાલામાં પૂ.આ.ભ.ની શતાબ્દી ઉજવણી

વડાલા નગરે શ્રી સંભવનાથદાદાના દરબારે ગચ્છાધિપતિ પૂ.આ.ભ.ગુણસાગરસુરીશ્વરજી મ.સા.ની મહા સુદ બીજ તા. ૧૨.૨.૧૩ના શતાબ્દી જન્મતિથીની ઉજવણી કરાઈ. સંઘ તરફથી આ નિમિત્તે સવારના ૯ કલાકે પૂજ્યશ્રી સ્વરચિત શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણકની મોટી પૂજા શ્રી વીર ભગિની મંડળ દ્વારા ભણાવવામાં આવેલ. સંગીતના સથવારે રાગરાગિણીથી પુજામાં સૌએ ભાગ લીધેલ. છેલ્લે આરતી, મંગલદીવો તથા શાંતિકળશનો લાભ લીધેલ. બાદ રૂા. ૨૦ની પ્રભાવના થઈ. દેરાસરજીમાં પ્રભુજીની ભવ્ય આંગી રચના કરવામાં આવેલ. જેના દર્શનનો સંઘે લાભ લીધેલ.

### ભારતભરમાં જિનાલયોની ધ્વજાનો લાભ

ભારતભરમાં આવેલા જૈન દેરાસરોની ધ્વજાઓ શાસ્ત્રોક્ત રીતે પૂ.ગુરૂ મ.સા.ના માર્ગદર્શને તૈયાર કરી નિઃશુલ્ક મોકલવાની ભક્તિનું કાર્ય એક ટ્રસ્ટ કરી રહ્યું છે. દરેક જિનાલયનું સંઘ અગાઉથી પોતાની જરૂરીયાત જણાવે તે મુજબ તે તે દેરાસરની વર્ષગાંઠે પહોંચતી કરે છે. આ શાસનભક્તિનું કાર્ય વિનામુલ્ય કરાય છે તેમ છતાં જે કોઈ સંઘ આપવા ઈચ્છે તે મુજબ યોગદાન સ્વીકારે છે અને ધ્વજાકાર્યમાં વાપરે છે આ માટે સંઘે લેખિત અરજી કરી ગામ, સરનામું, ફોન, મૂળનાયક, પરિકર વ્યવસ્થા, ધજાના માપ, સંખ્યા વગેરે જણાવવાનું હોય છે.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી જિનશાસન ભક્તિ ટ્રસ્ટ, ૨૧/૧૨૨ વિજયનગર કોલોની, દેરાસર સામે, ફાટક પાસે, નારાણપુરા-અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૦૭૯-૨૭૫૪૦૨૨૩, ૦૯૩૨૮૦૭૦૨૧૪ (નવીનભાઈ ગાંધી)

### લાલા તીર્થે-ધ્વજારોહણ ઉત્સવ

લાલા જિનાલયે તા. ૧૫.૨.૧૩ મહા સુદ-૫ જ્ઞાનપંચમીના શુભ દિને ધ્વજારોહણ ઉત્સવ ઉલ્હાસપૂર્વક ઉજવાયો. ગામવાસીઓ સારી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. તેમજ સુથરી, સાંધવ તથા મોટી સિંધોડીથી મહેમાનોએ પધારીને પ્રસંગમાં શોભાવૃધ્ધિ કરેલ. ટ્રસ્ટી શ્રી નવીનભાઈ હીરજી દંડ વેરાવળથી અને ટ્રસ્ટીશ્રી સૂર્યકાંત હીરજી દંડ-મુંબઈથી પધારેલ. સંઘપૂજન તથા સાધર્મિક ભક્તિનો લાભ શ્રીમતી મધુરીબેન નવીન દંડ (વેરાવળ)એ લીધેલ.

### હાડકા-સાંધા માટે મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી અને શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર તરફથી શ્રી જી.વી.સી. સંઘના સથવારે ઘાટકોપર અનંતછાયામાં હાડકા અને સાંધાના દર્દો માટે મેડીકલ કેમ્પ તા. ૧.૩.૧૩ના સવારે ૧૦ થી ૫માં યોજાયેલ છે.

ઈચ્છુકો આ કેમ્પમાં નામ નોંધણી કરાવી લાભ લે


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

તેવી અપીલ છે. સંપર્કઃ શ્રી અજય લોડાયા-9892372777. તા. ૨ અને ૩/૩ના ચેમ્બુર જૈન મેડીકલ સેન્ટરમાં રાબેતા મુજબ કીડની-ડાયાલીસીસ વિશે શિબીર છે. નિષ્ણાંત ડૉ. રાજેશ ઠક્કર (રાજકોટ) પધારશે.

## ઘાટકોપરમાં કચ્છી મુશાયરો

સ્નેહસર્જન-ઘાટકોપરના ઉપક્રમે રવિવાર તા. ૧૭.૨.૧૩ના સાંજે એસ.એન.ડી.ટી. હૉલમાં કચ્છ કવિઓના સંગતે 'વસંતનો વૈભવ' સહૃદયીઓની મિલનભૂમિ કાર્યક્રમ યોજાયો હતો. કાવ્ય ગોષ્ઠિનું આગવીશૈલીમાં સંચાલન ડૉ.શ્રી વિશન નાગડાએ કર્યું હતું. કચ્છ કવિઓ સર્વશ્રી મણિલાલ રાંભિયા, રવિ પેથાણી 'તિમીર', નેણશી જાની, જયેશ ભાનુશાલી અને ડૉ. વિશન નાગડાએ અસ્સલ કચ્છી કાવ્યો, ગીતો, અછાંદસ રચનાઓ અને કચ્છીયતની અસ્મિતાની વાતો રજુ કરી. શ્રોતાઓને કચ્છપ-વતનની લાગણીઓથી તરબોળ કરી દીધા હતા. કચ્છી સંસ્કૃતિને વધુ ઉજાગર કરવાના આ પ્રયાસને સુંદર પ્રતિસાદ મળેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસરતીપત્રક-સમિતિ

વસતીપત્રક સમિતિનું પ્રતિનિધિ મંડળ અને સહકાર્યકરો જ્ઞાતિના ૮મા વસતીપત્રકમાં પ્રકાશિત કરવા માટે આપણાં દેરાસરો તેમજ દશાઈ સંસ્કૃતિની ઝલક કચકડે કંડારવા તા. ૧૯ થી ૨૮ ફેબ્રુઆરી'૧૩ દરમ્યાન હાલાર-કચ્છ પ્રવાસે ગયેલ છે. દરેક ગામ મહાજને આપણાં ગામના જિનાલયો, ઉપાશ્રયો અને અન્ય સંસ્કૃતિની ઝલક તથા વિશેષતા, ઈતિહાસ, પ્રવૃત્તિ અહેવાલ. આદિ માહિતી અને સંપર્કસૂત્ર નોંધ આપવા વિનંતી કરાઈ છે. આ માહિતી ૮મા જ્ઞાતિવસતીપત્રક અને તેની વેબસાઈટમાં સંકલિત કરાશે. ૮મું વસતીપત્રક અને તેની વેબસાઈટ સંકલન પુર્ણતાના આરે છે. જ્ઞાતિમાંથી હજી જેમણે પોતાની પારિવારીક માહિતી કે ફેરફાર નોંધાવ્યા ન હોય તેમણે ત્વરીત મુલુંડ કાર્યાલયે સંપર્ક કરી બાકી રહેતી માહિતી મોકલવા જણાવાયું છે. વસતીપત્રક સમિતિ કાર્યાલય : પદમભુવન, નહેરૂ રોડ, મુલુંડ (વે), મુબઈ-૮૦ ફોન : 9920855259

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-પુના

પુના સંઘ દ્વારા તા.૨.૨.૧૩ના "સુર મેરા-તુમ્હારા...!" આ નામે હિન્દી ફિલ્મના ગીત-સંગીતભરી સાંજનું આયોજન કરાયું હતું. વિશેષતા એ હતી કે તે સંઘના જ્ઞાતિ કલાકારો દ્વારા જ સંપુર્ણ રીતે તૈયાર કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ૧૪ કલાકારોએ ભાગ લીધેલ. જેમાંથી ૧૦ ગાયક હતાં અને અન્ય યુવાઓએ વિવિધ વાંજીત્રો પર પરફોર્મન્સ આપેલ.

ગીત-સંગીત એક કલા છે. એ અનેરો શોખ પેઢી દર પેઢીએ વર્ણાયેલો છે. શોખ તરીકે ગાયન અથવા વાંજીત્ર વગાડવાનું ઘણાં જ્ઞાતિજનો શીખ્યા હોય છે, તેમને એક મંચ પર લાવી સૌના માટે રસપ્રદ કાર્યક્રમ તૈયાર કરવાની સંઘની સંકલ્પના હતી. આ જવાબદારી સૌ. પ્રાચી બીરેન ધરમશીએ સ્વીકારી અને સૌના સથવારે સફળતાપુર્વક પાર પાડી.

આ કાર્યક્રમમાં ૩૦૦ જણાંએ હાજરી આપી. પ્રારંભે ઈન્સ્ટ્રુમેન્ટલ કલાકારોની સંયુક્ત રજુઆત રાષ્ટ્રગીત 'જન ગન મણ..' થી થઈ. ત્યારબાદ વર્ષ ૧૯૬૦થી લઈને હાલના દાયકા સુધીના પ્રસિદ્ધ સોલો અને ડ્યુએટ ગીતો રજુ કરાયા. અને સોલો ઈન્સ્ટ્રુમેન્ટલ પરફોર્મન્સની રજુઆત થઈ. કાયક્રમને પ્રેક્ષકોએ ઉત્સાહપૂર્વક વધાવેલ. ગીતમાલાનું સમાપન પ્રખ્યાત ગીત 'મીલે સુર મેરા તુમ્હારા' દ્વારા બધા કલાકારોએ સાથે ગાઈને કર્યું. આ કાર્યક્રમનું સંચાલન વૈવિધ્યપુર્ણ અને રસપ્રદ શૈલીમાં શ્રી આશિષ મૈશેરી અને સૌ. ડોલી પટેલે કર્યું હતું. ઈન્ટરવલ દરમ્યાન સૌ. મોહિની નીતીન લોડાયાએ રાખેલ. ચા-નાસ્તાને સૌએ ન્યાય આપ્યો.

આ સંગીતમય કાર્યક્રમમાં ગાયકો શ્રી કિશોર ભવાનજી નાગડા, સૌ. પ્રાચી બીરેન ધરમશી, ડૉ. આશિષ ઝવેરીલાલ મૈશેરી, સૌ. મૃદુલા પંકજ નાગડા, ડૉ. રૂપલ હિરેન મોમાયા, શ્રી ધવલ યોગેશ દંડ, સૌ. ભક્તિ ધવલ દંડ, ચિ. ઉર્વેશ પિયુષ દંડ, ચિ. ઉર્વી અનિલ ધરમશી અને સૌ. ડોલી મિલન પટેલે રજુઆત કરી. આ કલાકારો પૈકી મોટા ભાગનાએ પ્રથમ વખત જ સ્ટેજ પર ગીત રજુ કરેલ. આ ઉપરાંત વિવિધ વાજીંત્રો પર સૉલૉ પરફોર્મન્સ આપનાર કલાકારો ચિ. દેવ રવિન્દ્ર મુનવર-સીન્થેસાઈઝર, ચિ. વૈભવ મહેન્દ્ર લોડાયા-તબલા, ચિ. જીતલ યતિશ છેડા-સીન્થેસાઈઝર, ચિ. યામિની યતિશ છેડા-ગીટાર, ડૉ. આશિષ મૈશેરી-વાયોલિન અને સૌ. મૃદુલા નાગડા-ઝાયલોફોન.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

Good Luck
જ્ઞાતિના ધો. ૧૦ અને ૧૨ના છાત્રોને તેમની વાર્ષિક પરીક્ષાઓમાં જ્વલંત સફળતા મળે તેવી હાર્દિક શુભેચ્છાઓ...
-"તન-મન" પરિવાર

SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

સંઘ તરફથી સૌ કલાકારોનું સન્માન ટ્રોફી આપીને કરાયું. કાર્યક્રમમાં ૧૦ થી ૬૨ વર્ષની વય સુધીનાં કલાકાર હતાં, જેમાં વિદ્યાર્થી, ગૃહિણી, પ્રોફેશનલ્સ, નોકરી-વ્યવસાયિકો અને ડૉક્ટરો હતા. આ બધાએ સમય ફાળવી લગભગ બે મહિના સતત પ્રેક્ટીસ કરી કાર્યક્રમ માટે તૈયારી કરેલ, સૌનો આભાર મનાયો. વિશેષમાં સૌ. પ્રાચી ધરમશીએ લીધેલ જહેમત અને સમય માટે સંઘ તરફથી આભાર વ્યક્ત કરાયેલ. યુવા કાર્યકર્તાઓ સંકેત લાલકા, હેમલ લોડાયા, પ્રશાંત ગોસર, હર્ષા લોડાયા, ચિરાગ નાગડા, મયુરી રતાણી, મહિમા લોડાયા, ઋતુ પટેલ વિગેરેએ સારી જહેમત કરી અને કાર્યક્રમને સફળ બનાવેલ.

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ

વિદ્યાર્થીસંઘ ૫૯મા વર્ષમાં રાહતદરે જ્ઞાતિછાત્રોને નોટબુક-લોંગબુક વિતરણ, શ્રી લાલજી રામજી બુક બેંક યોજનાનું સંચાલન, કેલેન્ડર-૧૩નું વિતરણ, રમતગમત ખેલ-૨૦૧૩ વગેરે કાર્યક્રમો કર્યા. પરીક્ષાઓ માટે પ્રેરણાત્મક પ્રોત્સાહક 'ઉડાન' નામે કાર્યક્રમ તા. ૧૦.૨.૧૩ના બપોરે ૩ વાગે ગુરૂકુળ શાળાના હોલમાં ઘાટકોપરમાં સફળતાપુર્વક યોજાયું. વિદ્યાર્થીસંઘની ટીમે ઉમંગભેર ભાગ લીધેલ અને સારી સંખ્યામાં જ્ઞાતિછાત્રો સહભાગી થયા.

## શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ

મંડળના ઉપક્રમે કોઠારાવાસીઓનું સ્નેહમિલન રવિ. તા. ૩.૩.૧૩ના જૈનમ બેંક્વેટ હોલ-ભાંડુપમાં સવારે ૧૦ વાગે યોજાયેલ છે. આ પ્રસંગે શૈક્ષણિક સન્માન અને સ્વામીવાત્સલ્ય જમણ રહેશે, આ પ્રસંગે સર્વે ગામવાસીઓ તથા નિયાણીબહેનોને પધારવા આમંત્રણ છે. સમારોહના પ્રમુખસ્થાને શ્રી જયેશ જૈન અને અતિથીવિશેષપદે કલ્પેશ મોતા અને શ્રી હીરાલાલ ડાઘા પધારશે. મંડળ વર્ષોથી ગામ માટેના શૈક્ષણિક, વૈદકીય, ધાર્મિક-સામાજિક કાર્યો કરે છે.

## પુ. હિતવર્ષાશ્રીજી મ.સા. નો કાળધર્મ

અચલગચ્છીય પૂ.સા.શ્રી. હિતવર્ષાશ્રીજી મ.સા. (ઉ.વ. ૫૪) દીક્ષા પર્યાય-૩૦ વર્ષ, માટુંગા સહસ્ત્રફણા પાર્શ્વનાથ દેરાસરના ઉપાશ્રયે તા. ૧૬.૨.૧૩ના સવારે ૮.૦૫ કલાકે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. સદ્‌ગતની માંડણી અને અંતિમ સંસ્કાર યાત્રા તા. ૧૬.૨.૧૩ના બપોરે બે વાગે નીકળેલ. પૂજ્યશ્રીના આત્માને મોક્ષગામી બનાવે તેવી ભાવાંજલિ.

## સૌમ્ય નિતિન લોડાયા-આકોલા

ચિ. સૌમ્ય નિતિન લોડાયા (વારાપધર-આકોલા) પોતાની શાળામાં વિવિધ હરિફાઈઓમાં ભાગ લઈ તાડકવાડો ગેમમાં ગયા વર્ષે સુવર્ણપદક તેમજ આ વર્ષે કાંસાનો પદક મેળવી વિજયી થયેલ છે. તેમજ આ વર્ષે જનરલ નોલેજ કોમ્પીટીશનમાં રજતપદક અને ક્રિકેટ હરીફાઈમાં સુવર્ણપદક પ્રાપ્ત કરેલ છે. હાર્દિક અભિનંદન.

## વડોદરામાં દંતચિકિત્સા શિબીર

વડોદરામાં શ્રી રતિલાલ પનપારિયાના જન્મદિન નિમિત્તે તા. ૧૨.૩.૧૩ના નિઃશુલ્ક દંત શિબિર રાખવામાં આવેલ છે. જેમાં દુઃખતાં દાંત તેમજ હલતા દાંતને પાડવાની ટ્રીટમેન્ટ કરવામાં આવશે. સાથે-સાથે દમ માટે એટલે કે શ્વાસની કોઈપણ બિમારીના ઈલાજ કરવામાં આવશે. સૌ જ્ઞાતિજનોએ લાભ લેવા વિનંતી કરાઈ છે.

## શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ

મંચનો છઠ્ઠો વાર્ષિકોત્સવ તથા સ્નેહમિલન તા. ૧૭.૨.૧૩ના ભાંડુપમાં શેઠ શ્રી નરશી નાથા બેંક્વેટ હોલમાં મંચના સભ્યો તથા પરિવારજનોના ૨૦૦ જણની હાજરીમાં રૂડી રીતે સંપન્ન થયો. શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા તથા શ્રીમતી હસુમતી હીરાલાલ ડાઘાએ દીપ પ્રજ્વલન કરી કાર્યક્રમની શરૂઆત કરી. નવકાર પઠન બાદ શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળે અસલ પખાવાજ સ્તવનોમાં શ્રોતાજનોને જકડી રાખેલ. ઈનામી રમતો રમાડવામાં આવેલ. જેના ૩૧ વિજેતાઓને મંચ તરફથી ઈનામો અપાયેલ. દરેક નાના બાળકોને મંચ તરફથી ભેટ આપવામાં આવેલ. કાર્યક્રમ દરમ્યાન નવા ૧૨૨ સભ્યો નોંધાયેલ જેમને ટપરવેરના આકર્ષક ડબ્બાની રીટર્ન ગીફ્ટ અપાયેલ. કાર્યક્રમ દરમ્યાન કોઈમ્બતુરથી પધારેલ શ્રી અશોકભાઈ દામજી ડાઘાએ મંચના સભ્યોને સપ્ટેમ્બરમાં કોઈમ્બતુર પધારી પાંચ દિવસ માટે તેમની મહેમાનગતી લાભ આપવા આમંત્રણ આપેલ. બહેનોને મંચના સભ્ય થવા કમિટી મેમ્બરોનો સંપર્ક સાધવા અનુરોધ છે.




ABDASA (KACHCHH) GAUSHALA TRUST

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## શ્રી પ્રબોધ હીરાચંદ મુનવર

કચ્છમાં માનવસેવા અને જીવદયા ક્ષેત્રે અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતી માનવજ્યોત-ભુજના પ્રમુખ શ્રી પ્રબોધ હીરાચંદ મુનવર (કોઠારા-ભુજ)ની આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સમિતિ (ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલ) દિલ્હી અને મુંબઈ દ્વારા એ સમિતિમાં કચ્છ જીલ્લાનાં જનરલ સેક્રેટરી તરીકે નિમણુંક કરવામાં આવી છે. હાર્દિક અભિનંદન...

## શ્રી ડોંબીવલી વેલ્ફેર ગ્રુપ

સ્થાપક ટ્રસ્ટી સ્વ. શ્રી વસંત લક્ષ્મીચંદ લાપસીયાની સ્મૃતિમાં શ્રીમતી મધુરીબેન કિરીટ લાપસીયાના સૌજન્યથી ગ્રુપ દ્વારા તા. ૯.૩.૧૩ના વિશ્વ મહિલાદિન નિમિત્તે બ્રેસ્ટ કેન્સર જન જાગૃતિ અભિયાનરૂપે રોટરી ક્લબ હોલ, ડોંબીવલી(ઈ)માં સાંજે ૪ થી ૭માં યોજાયો છે. આ કેમ્પમાં બ્રેસ્ટ કેન્સરના નિષ્ણાંત સર્જન ડૉ. અનિલ હેરૂર અને અને ડૉ. અનુપમા વર્મા પેપસ્મીયર ટેસ્ટ માટે સેવા આપશે. કેમ્પમાં રાહત દરે પેપસ્મીયર, મેમોગ્રાફી અને લોહી તપાસણી તથા એક્સરે કરાવાશે. રજી. ફી. રૂા. ૫૦ માત્ર છે. નામ નોંધણી અને વધુ માહિતી સંપર્ક : શ્રી કેતન વસંત લાપસીયા-0920153068/ 0251-6956611

## વરસીતપ આરાધકોની નામ નોંધણી

જ્ઞાતિમાં આ વર્ષે વરસીતપ કરનારા તપસ્વીઓ જેઓ પૂ. અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરીજી આ.ઠા. ની નિશ્રામાં પાલીતાણા તીર્થે પારણું કરવાનો લાભ લેવા ઈચ્છતા હોય તેમણે પોતાના નામ ત્વરીત પત્ર કે એસએમએસથી જણાવે તેમ વિજ્ઞપ્તિ છે. જાહેરાતના પ્રતિસાદમાં અત્યાર સુધી ૮૮ જણાંએ નામ નોંધાવેલ છે. મુંબઈમાં સમુહ પારણામાં ભાગ લે તેઓ અલગથી નામ નોંધાવે જેથી બન્ને સ્થળની યાદી તૈયાર કરવામાં અને વ્યવસ્થામાં સુગમતા રહે. સંપર્ક : કિશોર કાયાણી-09920195551, હીરાચંદ રાયચંદ ધુલ્લા-09619901907.

## ઘાટકોપરમાં દીક્ષાર્થી બહુમાન અને વરસીદાન વરઘોડો

ઘાટકોપરમાં જી.વી.સી. સંઘના ઉપક્રમે સર્વ તા. ૫.૧.૧૩ના પૂ.સા.શ્રી રત્નરેખાશ્રીજી, ચારૂપ્રજ્ઞાશ્રીજી અને ગુણમાલાશ્રીજી આ.ઠા. અને પૂ.યતિશ્રીની નિશ્રામાં પાંચ-પાંચ મુમુક્ષુઓ કુ. રૂચિબેન, નિરાલીબેન, કોમલબેન, પુનમબેન અને દિશાબેનનું વિશાળ સંઘની હાજરીમાં મુંબઈ મહાજન, અનંતનાથ ટ્રસ્ટ, વિવિધ સંસ્થાઓ અને જ્ઞાતિ અગ્રણીઓ, માનવંતા મહેમાનો સર્વ શ્રી તારાચંદભાઈ છેડા, પ્રકાશભાઈ મહેતા, કિરીટભાઈ સોમૈયા અને રમેશભાઈ મોરબીયા આદિ અતિથીઓની ઉપસ્થિતિમાં ભવ્ય અનુમોદના સમારોહમાં થયેલ.

શ્રી ઉત્તમ છેડા અને કલાકારોએ ભક્તિગીત સંગીત સહ અઢાર પાપસ્થાનક આલોચના કરાવેલ.

તા. ૬.૧.૧૩ના સકલ સંઘ મુમુક્ષુઓના ભવ્ય વરસીદાન વરઘોડામાં ભાગ લીધેલ. અનંતછાયાના પ્રાંગણથી શુભારંભ થયેલ. ભાવિકોએ ઉમંગે વરઘોડાના વિવિધ લાભ ઉદાર ઉછામણીથી લીધા હતા. ૧૨૦૦થી વધુ ભાવિકો આ શોભાયાત્રામાં જોડાયા. વિવિધ વેશભૂષા-ઝાંખીઓની ઝલક સાથે આકર્ષક શણગારથી શાસન પ્રભાવનાની જૈન-જૈનેતરોએ ભાવભરી અનુમોદના કરી. આ ત્ર્યાન્હિકા મહોત્સવ પ્રસંગે તા. ૪.૧.૧૩ના શ્રી અજીત પંડિતજીએ સંયમ ધર્મનો મહિમા વર્ણવી ચારિત્ર્ય વંદનાવલી અનુષ્ઠાન કરાવ્યું. આ અવસરે સંઘના ભાવિકો, કાર્યકરો અને દાતાઓ ઉમંગે સહભાગી થઈ મહોત્સવ રંગે ચંગે ઉજવેલ.

## વરાડીયામાં મેળો

કચ્છ-વરાડીયામાં હાજીપીરના મેળા નિમિત્તે તા. ૨૮.૪.૧૩ના વિવિધ કાર્યક્રમો અને રાત્રે ૧૦ વાગે સંતવાણી, લોક ડાયરો, કાફી તા. ૨૯.૪.૧૩ના સવારે ૯ કલાકે સલામી તથા બપોરના ૨.૩૦ વાગે બખ્ખ-મલાખડા વગેરે રહેશે. સર્વે રસિકોને લોક સંસ્કૃતિના મેળામાં પધારવા આમંત્રણ છે.

## દહીંસર(મોરી)માં કાર્યકર બેઠક

થાણા જિલ્લાના અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારમાં રાહતદરે વૈદકીય સારવાર આપી શકાય. તેનો પ્રાથમિક અભ્યાસ કરવા માટે વિચારગોષ્ટિનું એક આયોજન મા ઓમ પરિવહન પ્રા.લિ.ના શ્રી સોમચંદભાઈ લોડાયાના દહીંસર (મોરી)માં આવેલ વેરહાઉસ સંકુલમાં તા. ૨૦.૨.૧૩ના થયેલ. આ બેઠકમાં 'માનવજ્યોત'ના શ્રી કુલીનકાંતભાઈ લુઠીયા, ડૉ. જે. પી. ખોના, મુલુંડ(ઈ) ના અગ્રણી શ્રી પદમશી હીરજી ગડા, મુલુંડ(ઈ) સુમતિ


શુભેચ્છા સહ...

શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)

UKKHIMJI & CO.



શુભેચ્છા સહ....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

અંબા શીપીંગ એજન્સીઝ

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

ગ્રુપના વિનોદ હરીયા, શ્રી વિસનજીભાઈ સોની, શ્રી મનોજભાઈ વોરા, સુમતિ ગ્રુપના કન્વીનર શ્રી સંજય કાંતિલાલ નાગડા, શ્રી સંજય વિસનજી નાગડા, શ્રી પ્રમોદ મેઘજી ગાલા, શ્રી વિનોદ નાનજી હરીઆ, ડોંબીવલીથી શ્રી ચંપક જીવાણી, શ્રી મુકેશ લોડાયા, શ્રી નરેન્દ્ર શિયાળ, શ્રી રતીલાલ મોમાયા, શ્રી રાયચંદ જીવાણી, મલાડથી શ્રી દિનેશ મૈશેરી, ભાયંદરથી શ્રી શ્રુત-સંગમ ગ્રુપના અક્ષય જૈન વગેરે કાર્યકરોની સુંદર હાજરી રહી. સંઘપૂજન, પ્રભાવના અને નવકારશીને ન્યાય આપી શ્રી કુલીનકાંતભાઈ લુઠીયાએ કાર્યક્રમની પૂર્વ ભૂમિકા સમજાવી તથા ઉપસ્થિત સૌ મહાનુભાવોએ સ્વ પરિચય સાથે પોતાના મંતવ્યો રજુ કર્યા અને એ દિશામાં આગળ કઈ રીતે વધી શકાય તે અંગે વિચાર-વિમર્શ કર્યો.

યજમાન પરિવારના શ્રી સોમચંદભાઈ લોડાયાએ શ્રી કુલીનકાંતભાઈ લુઠીયા, શ્રી પદમશીભાઈ ગડા તેમજ સ્થાનિક અગ્રણી શ્રી કાળુરામ બળીરામ ભોઈરનું સ્મૃતિચિહ્ન આપીને અભિવાદન કર્યું. પ્રત્યુત્તરમાં શ્રી પદમશીભાઈ ગડાએ સુંદર અતિથ્ય અને તેમનાં આવા ઉચ્ચ વિચારો માટે શ્રી સોમચંદભાઈ લોડાયાનું સ્મૃતિચિહ્ન અર્પણ કરીને બહુમાન કર્યું. શ્રી સોમચંદભાઈ લોડાયાએ કાર્યક્રમમાં ઉપસ્થિતિ માટે આભારની લાગણી વ્યક્ત કરી. અહીં શેષકાળમાં વિહાર કરતા કોઈ પણ ગચ્છ કે સંપ્રદાયના પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતો માટે ગૌચરી તેમજ વિસામા વ્યવસ્થા માટે "શ્રી ચારિત્ર્ય લક્ષ્મી વિહાર વાટિકા બનાવવામાં આવેલ છે. શ્રી સોમચંદભાઈ લોડાયા-9322275440-9867170794નો અગાઉથી સંપર્ક કરવાથી વ્યવસ્થા થઈ શકશે.

આ સ્થળે પૂ. ગુરૂ-ભગવંતોની વૈયાવચ્ચ કરવાના ભાવ ધરાવતા તેમજ કુદરતી સાંનિધ્યને માણવા ઈચ્છતા નિવૃત્ત યુગલને સેવા કરવાની ઈચ્છા હોય તો તે આવકાર્ય રહેશે યોગ્ય વેતન સાથે રહેવાની વ્યવસ્થા મળશે. એમ જણાવાયું છે.

## શ્રી આદિ વિમલ પૂજા મંડળ-અંતરજાળ

મહાવીરનગર, અંતરજાળ, આદીપુરમાં નૂતન આવાસ શ્રી યોજનાસંકુલમાં વિમલનાથદાદાની અંજન-પ્રતિષ્ઠા મહોત્સવ તથા ગુણ શતાબ્દી વર્ષ નિમિત્તે પૂ.સા.શ્રી મહોદયશ્રીજી મ.સા. અને શ્રી યશોદયશ્રીજી મ.સા.ની પ્રેરણાથી મહાવીરનગરમાં તા. ૧૭.૨.૧૩નો બે મંડળની સ્થાપના થઈ. શ્રી આદિ વિમલ પૂજા મંડળ જેમાં પ્રમુખ-શ્રીમતી મનિષાબેન લહેરચંદ લાપસીયા, ઉપપ્રમુખ-શ્રીમતી હર્ષાબેન હરીશ ચુરલા, મંત્રી-શ્રીમતી કવિતાબેન બ્રીજેશ ખોના, ખજાનચી-શ્રીમતી મૃદુલાબેન જયંતી નાગડા આ ઉપરાંત ૧૯ સભ્યો જોડાયા છે.

બીજું શ્રી અજીત ગુણ શીતલ પુત્રવધુ મંડળ જેમાં પ્રમુખ-શ્રીમતી જ્યોતિબેન વિપુલ મૈશેરી, ઉપપ્રમુખ-શ્રીમતી દિવ્યાબેન અનિશ લોડાયા, મંત્રી-શ્રીમતી કાશ્મીરાબેન ભાવેશ લોડાયા, ખજાનચી-શ્રીમતી નેહલબેન વિરાજ મૈશેરી તથા સભ્યોની સંખ્યા નં ૧૯ છે. મંડળને માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર પરિવાર (કોઠારા) તરફથી સંગીતના સાધનો ભેટ મળેલ છે.

## વડાલામાં પૂ.સા. હિતવર્ષાશ્રીજી માટે પુજા

પૂ.સા.શ્રી. હિતવર્ષાશ્રીજી મ.સા. તા. ૧૭.૨.૧૩ના સવારના સહસ્ત્રફેણા પાર્શ્વનાથ દેરાસરજી માટુંગા મધ્યે સમાધિપૂર્વ કાળધર્મ પામ્યા તે નિમિત્તે શ્રી વડાલા સંઘ તરફથી તા. ૧૯.૨.૧૩ના સવારના ઉપાશ્રયમધે શ્રી પંચમહાવત્તની મોટી પૂજા ભણાવવામાં આવેલ. આ પૂજા શ્રી વીર ભગિની મંડળ વડાલાની બ્હેનોએ સંગીત સથવારે રાગરાગિણીથી ભણાવેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-દલતુંગી

દેરાસરજીની ૧૧૦મી વર્ષગાંઠ વૈશાખ સુદ પાંચમને તા. ૧૪.૫.૧૩ના છે. તે નિમિત્તે ૧૮ અભિષેક તથા સંઘજમણ રાખેલ છે. સર્વ ગામવાસીઓને લાભ લેવા હાર્દિક આમંત્રણ છે. વર્ષગાંઠ ધજાનો ચડાવો સ્થાનિક બોલી કરી આદેશ આપવામાં આવશે.

## મોટી સિંધોડી પ્રગતિ મહિલા મંડળ

મંડળના ઉપક્રમે તા. ૫.૩.૧૩ના બપોરે ૨.૩૦ થી ૫.૩૦ દરમ્યાન નવકાર જાપ કાર્યક્રમ શ્રી વીરજી જે. મેપાણી હોલ, દેવપુંજ, મુલુંડ(વે)માં રાખેલ છે સર્વે સભ્યોને પધારવા આમંત્રણ છે. મંડળની કારોબારીમાં ખાલી થયેલ બેઠક પર સૌ. અલકાબેન નરેશ મૈશેરીની નિમણુંક કરવામાં આવી છે.


PLAN YOUR HOLIDAY WITH...
HOLIDAY PLANNERS

JEW TOWN, COCHIN-682002; KERALA; INDIA
MEHUL B MEISHERI, MOB. : 07736025429; 08129945429
e-mail : info@holidayplannersonline.com

KERALA & SOUTH INDIA TOUR PACKAGES - AVAIL OFF-SEASON SUMMER PACKAGES - HURRY !!!
COCHIN - MUNNAR - THEKKADY - KUMARAKOM - HOUSEBOAR - KOVALAM - WAYANAD - POOVAR - ANDAMAN
DOMESTIC & INTERNATIONAL TOUR PACKAGES ● HOTEL RESERVATIONS ● CAR RENTALS ● AIR TICKETING
TAKE HOME A LIFE TIME OF MEMORIES !!!
❖ Personal assistance for guests on tours whenever required.
❖ Jain / Gujarati meals on prior intimation.
❖ Itinerary and Sight-seeing brouchres available free of cost for our tourists (Trade enquiries solicited)

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કિશોર દામજી મોતા** | ૭, શ્યામ રેસીડન્સી, ૪૬ થંબીસ્વામી રોડ, કિલપૌક, ચેન્નઈ - ૬૦૦૦૧૦ ફોન : 9962562592 |
| **જગદીશ પી. લોડાયા** | ૫૦૧-એ, ચંદ્રનગર, ટેન્ક રોડ, લોઢા સામે, ભાંડુપ (વે), મુંબઈ-૪૦૦૦૭૮ |
| **જયેશ હંસરાજ લોડાયા** | ૬૧૧, ગોલ્ડન સોસાયટી, ગારોડીયા નગર, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦૦૭૭. |
| **જીતેન શામજી દંડ** | ૩૦૪, નર્મદાધામ, બસ ડેપો પાસે, ભાયંદર (ઈ)-૪૦૧૧૦૫ ફોન : 9321201077 |
| **વીરચંદ કલ્યાણજી ધરમશી** | સી-૪૦૩, પુનીત પાર્ક, અયપ્પા મંદીર પાસે, સેક્ટર-૧૭, નેરુલ, નવી મુંબઈ-૪૦૦૭૦૬ |
| **ઉમેશ જયંતીલાલ ધુલ્લા** | એ-૧૦૪, દીપાઈ, જયહિંદ કોલોની, ડોંબીવલી (વે) -૪૦૧૨૦૨ |
| **હીરેન જયંતિલાલ ધરમશી** | ૨૦૧, ઓલીવ, નેપચ્યુન કલરસ્કેપ, મુલુંડ ચેકનાકા બસડેપો પાસે, એલબીએસ માર્ગ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦ ફોન : 25914194 |
| **દિલીપ હીરજી નાગડા** | ૧૦૧, મલ્હાર પેલેસ, માનપાડા રોડ, કસ્તુરી પ્લાઝા સામે, ડોંબીવલી (ઈ)-૪૨૧૨૦૧. |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરૂં નામ -હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | | | |
|---|---|---|---|---|---|
| **કિશોર ડી. મોતા** | ચેન્નઈ | 09962562592 | **શામજી કુંવરજી લોડાયા** | વડાલા | 9769739392 |
| **ભાવના કિશોર મોતા** | ચેન્નઈ | 9884030304/04443523082 | **દિલીપ હીરજી નાગડા** | ડોંબીવલી | 9773115251/2442343 |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી.)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭.૧૧.૧૨ | ભાયંદર | SDDD011102 | આરવ-જીતેન શામજી દંડ | સાંધવ | પુત્ર |
| ૬.૨.૧૩ | નવી મુંબઈ | JKVK012103 | ધ્રુવ-મેહુલ રાજેન્દ્ર વીકમશી | જખૌ | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨.૨.૧૩ | પુના | TRDD021403 | ઉર્વેશ પિયુષકુમાર કિર્તીચંદ દંડ | તેરા | ૨૫ |
| | ચાલીસગામ | VVLO070803 | અવની દીપક લક્ષ્મીચંદ લોડાયા | વારાપધર | ૨૫ |
| ૧૪.૨.૧૩ | જલગામ | GEGS090103 | પ્રશાંત જયચંદ તારાચંદ ગોસર | ગોએરસમા | ૨૭ |
| | મુલુંડ | SISO011903 | હીરલ પ્રફુલ ટોકરશી સોની | સાંયરા | ૨૬ |
| ૧૫.૨.૧૩ | ભાંડુપ | BYGS050204 | ખીરેન હીરાચંદ ડુંગરશી ગોસર | બાયઠ | ૨૫ |
| | ડોંબીવલી | SDLO050603 | જલ્પા શરદ સોમચંદ લોડાયા | સાંધવ | ૨૩ |
| ૧૫.૨.૧૩ | કાંજુરમાર્ગ | NLNG030503 | પ્રણવ ચેતન હીરાચંદ નાગડા | નલીયા | ૨૫ |
| | ડોંબીવલી | NLMO020304 | જીજ્ઞા રમેશ જેઠાભાઈ મોમાયા (ભઠારા) | નલીયા | ૨૩ |
| ૧૫.૨.૧૩ | ભુજ | SPSH010504 | પાર્થ અનિલ વીરચંદ સાંયા | સુજાપુર | ૨૩ |
| | ડોંબીવલી | TRSL010303 | ગુંજન અભય શિવજી શિયાલ | તેરા | ૧૯ |
| ૧૮.૨.૧૩ | મુલુંડ | SILO0210404 | મિલાપ ભરત કુંવરજી લોડાયા | સાંયરા | ૨૮ |
| | મુલુંડ | VVBD030403 | યુતીકા જયેશ ધનજી ભેદા | વારાપધર | ૨૩ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪.૨.૧૩ | અમદાવાદ | SUDU070704 | દર્શિન દિનેશ દામજી ધુલ્લા (દૌલત) | સુથરી | ૨૬ |
| | વડોદરા | A | યેશા અમીત કનુભાઈ પટેલ | વસૌ | ૨૪ |
| ૧૫.૨.૧૩ | ડોંબીવલી | JKMU010704 | દર્શન ચંપક રાયચંદ મુનવર | જખૌ | ૨૬ |
| | કાંજુરમાર્ગ | A | હર્ષદા અશોક શિતોલે | કરાડ | ૨૫ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫.૨.૧૩ | જામનગર | GODH010504 | પ્રકાશ કાંતિલાલ લધુભાઈ ધરમશી | ગોરખડી | ૩૧ |
| | વિઠ્ઠલવાડી | A | મીના દેવેન્દ્ર ગોસ્વામી | અબડાસા | ૨૯ |
| ૭.૧૨.૧૨ | અમદાવાદ | GDKR070401 | દ્રશ્ય જીતેન્દ્ર ઉમરશી કુરવા | ગોધરા | ૨૬ |
| | પાલનપુર | A | કીંજલ ભરતકુમાર કીર્તિલાલ રાવલ | પાલનપુર | ૨૫ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯.૧.૧૩ | ચાલીસગામ | JKHF030101 | કસ્તુરીબાઈ ધનજી રામજી હેફા | જખૌ | ૮૪ |
| ૧૩.૨.૧૩ | મુલુંડ | DALI031102 | સરલા જયચંદ રતનશી લાપસીયા | દલતુંગી | ૭૧ |
| ૧૩.૨.૧૩ | જામનગર | BHDH020101 | લક્ષ્મીબાઈ ઠાકરશી મોતીચંદ ધરમશી | ભરૂડીયા | ૮૧ |
| ૧૫.૨.૧૩ | બોરીવલી | MJKN010501 | રવિન્દ્ર જીવરાજ નરશી ખોના | મંજલ | ૬૮ |
| ૧૬.૨.૧૩ | મલકાપુર | GEPL012801 | ભાગ્યવંતી વીરચંદ કુંવરજી પોલડીયા | ગોઅરસમા | ૭૦ |
| ૧૫.૨.૧૩ | ડોંબીવલી | SDKN021501 | કલ્યાણજી લક્ષ્મીચંદ હીરજી ખોના | સાંધવ | ૮૪ |
| ૧૭.૨.૧૩ | ઔરંગાબાદ | SILO180301 | નૂતન તેજપાર ખીમજી લોડાયા | સાંયરા | ૭૧ |

# નલિયા તીર્થ મધ્યે નૂતન ઉપાશ્રયના ઉદ્‌ઘાટન પ્રસંગની તસ્વીરી ઝલક



ઉદ્‌ઘાટન પછી ઉપાશ્રયમાં પ્રવેશ કરતા દાતા પરિવારો
તથા પ.પૂ.સા. શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા. તથા
યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.



શ્રી અચલગચ્છ જૈન વ્યાખ્યાન હૉલનું ઉદ્‌ઘાટન
કરતા વડીલશ્રી પ્રેમચંદભાઈ સોનાવાલા



શ્રી ભક્તિખંડનું ઉદ્‌ઘાટન કરતા
શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, નલીયાના ટ્રસ્ટીઓ



શ્રી સ્ટોર રૂમનું ઉદ્‌ઘાટન કરતા
શ્રી નરશીનાથા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ



શ્રી પાછળની બાજુ દ્વારનું ઉદ્‌ઘાટન કરતા
શ્રી ચંદ્રપ્રભુ અતીથી ગૃહના ટ્રસ્ટીઓ અને
શ્રી અનંત સમર્પણ ના પરિવારજનો



ઉપર સ્વાધ્ય ખંડના દરવાજાનું ઉદ્‌ઘાટન કરતા
ડૉ. કાન્તીલાલ નરશી દંડ તથા
અ.સૌ. જયશ્રીબેન કાન્તીલાલ દંડ



અંદર સ્વાધ્યખંડ ની તકતીનું ઉદ્‌ઘાટન કરતા
શેઠશ્રી મેઘજી માલશીના પરિવારજનો



વ્યાખ્યાન હૉલમાં બીરાજમાન યતિવર્ય શ્રી મોતીસાગરજી
મ.સા. તથા પ.પૂ.સા. શ્રી કાવ્યાગુણાશ્રીજી મ.સા.



મંચ ઉપર બીરાજમાન મહાજન અને
ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા દાતા પરિવારજનો



સંઘમાતા માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડાનું
બહુમાન કરતા શ્રી નરશીનાથા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ



શ્રી સમીરભાઈ લક્ષ્મીચંદ નાગડાનું
બહુમાન કરતા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ.



શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલીયાના
ટ્રસ્ટીઓનું બહુમાન કરતા શ્રી સમીર લક્ષ્મીચંદ નાગડા



શ્રી નરશીનાથા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓનું
બહુમાન કરતા શ્રી સમીરભાઈ લક્ષ્મીચંદ નાગડા



શ્રી ચંદ્રપ્રભુ અતીથી ગૃહના ટ્રસ્ટીનું
બહુમાન કરતા શ્રી સમીરભાઈ લક્ષ્મીચંદ નાગડા



શ્રી દાતા પરિવારોનું બહુમાન કરતા
યાત્રીકો



શ્રી સમીરભાઈ લક્ષ્મીચંદ નાગડાનું
બહુમાન કરતા શ્રી અનંત સમર્પણના પરિવારજનો

**અંતે પધારેલ સર્વેને**
**અનંત સમર્પણ પરિવાર તરફથી**
**વ્યવસ્થામાં કંઈ ખામી રહી હોય કે**
**અગવડ પડી હોય તો**
**મિચ્છામી દુક્કડમ્**



યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.
અનુમોદના કરતા શ્રી સમીરભાઈ લક્ષ્મીચંદ નાગડા




## અભિનંદન... અભિનંદન...



**CA જીગર ભદ્રીકભાઈ પુનશી મૈશેરી**
(માંડવી-ભુજ)

આપશ્રીએ C.A. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ઉચ્ચ ડીગ્રી મેળવી. ગામ, સમાજ અને પરિવારનું ગૌરવ વધાર્યું છે. એ સુંદર સિધ્ધિ બદલ આપને ખૂબ-ખૂબ અભિનંદન સાથે વધુને વધુ પ્રગતિશીલ ભાવિ માટે હાર્દિક શુભેચ્છાઓ...

: શુભેચ્છક :

સ્વ. માતુશ્રી હીરબાઈ પુનશી માણેકજી મૈશેરી સમસ્ત પરિવાર (માંડવી)
સૌ. શિલ્પાબેન ભદ્રીકભાઈ મૈશેરી (મમ્મી-પપ્પા)
સૌ. પ્રિતલ જેશલ દંડ (બેન-બનેવી)
સૌ. ભૂમિકા અમિત લોડાયા (બેન-બનેવી)
વીરાલી ભરત મોમાયા (કલીકટ) પુત્રવધુ

## શ્રધ્ધા સુમન



**ગં. સ્વ. તેજબાઈ સોમચંદ પદમશી વોરા** (રંગપુર-મુલુંડ-કોઈમ્બતુર)
(સ્વર્ગારોહણ : તા. ૧૯.૧.૨૦૧૩)

*તમારી આંગળી પકડી અમે જગત જોતાં શીખ્યા, તમારી કર્મ નિષ્ઠાએ અમને પરિશ્રમને પારસમણિ કરતાં શીખવાડ્યું, તમારી વાત્સલ્યનાં છાંયડામાં, સંસારનો મધુર રસ પીધો અને તમારી શ્રધ્ધાએ ત્યા આત્મબળે અમારા આત્મવિશ્વાસને દ્રઢ બનાવ્યો એવા તેજના તિમિર પ્રગટાવનાર પૂજ્ય માતુશ્રીના પાવનકારી આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...*

આપની અમર સ્મૃતિમાં...

| | | | |
|---|---|---|---|
| પુત્ર-પુત્રવધુ | : | શ્રીમતી લતાબેન કાંતિલાલ ગાંગજી વોરા | (કોઈમ્બતુર) |
| દિકરી-જમાઈ | : | સ્વ. કુસુમબેન હિંમતલાલ ટોકરશી લોડાયા | (મોટી ખાવડી) |
| દિકરી-જમાઈ | : | સૌ. પુષ્પાબેન શશીકાંત કુંવરજી ખોના | (મોટી ખાવડી) |
| દિકરી-જમાઈ | : | સૌ. ગીતા નવીનચંદ્ર રતનશી લોડાયા | (મોટી ખાવડી) |
| દિકરી-જમાઈ | : | સૌ. તરલા કાંતિલાલ મુલજી નાગડા | (સેવક ભરૂડીયા) |

(ઋણ સ્વીકાર : અમારા પરિવારની દુ:ખદ ઘડીમાં પ્રત્યક્ષ, પત્ર, ફોન, ફેક્સ, ઈ-મેલથી અમોને આશ્વાસન આપી અમારા દુ:ખમાં સહભાગી થયેલ સર્વે સગાસંબંધીઓ, સ્નેહીજનો, વેપારી મિત્રો સર્વેના અમો ઋણી છીએ-પરિવારજનો)

To,


If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**